# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૭ * અંક-૬ * ફેબ્રુઆરી, ૨૦૨૩



# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● હે ગંભીર હૃદય—અતિશય ગંભીર પુષ્પદંત ભગવાન ! ભવ્ય જીવ આપના આ પવિત્ર મતનો અર્થાત્ આગમનો આસ્વાદ કરવાથી શ્રવણ, પઠન, ચિંતવન આદિ કરવાથી આપનો ભક્ત હો કે વિદ્વેષી હો, પરંતુ પ્રત્યેક જીવને જ્ઞાનની વૃદ્ધિનું તથા રુચિનું જ કારણ બની જાય છે. કદાચ કોઈ એમ કહે કે આગમ તો માત્ર બુદ્ધિવાળાને જ રુચે છે પરંતુ દ્વેષ કરનારને તે કેમ રુચિ શકે ? તો તેનું સમાધાન એમ છે કે અમૃત છે તે તો બુદ્ધિવંત હોય કે દ્વેષી હોય, બંને માટે એક સરખું રુચિકર જ લાગે છે. એ પ્રમાણે આપનું આગમ સર્વને રોચક ને પ્રિય જ લાગે છે.૧૯૭૪.

(શ્રી સમંતભદ્ર આચાર્ય, સ્તુતિ-વિદ્યા, શ્લોક-૪૦)

● જૈસે જેલમેં પડા હુઆ વ્યક્તિ બન્ધનકે કારણોંકો સુનકર ડર જાતા હૈ ઔર હતાશ હો જાતા હૈ પર યદિ ઉસે મુક્તિકા ઉપાય બતાયા જાતા હૈ તો ઉસે આશ્વાસન મિલતા હૈ ઔર વહ આશાન્વિત હો બંધન મુક્તિકા પ્રયાસ કરતા હૈ. ઉસી તરહ અનાદિ કર્મબંધનબદ્ધ પ્રાણી પ્રથમ હી બંધકે કારણોંકો સુનકર ડર જાય ઔર મોક્ષકે કારણોંકો સુનકર આશ્વાસનકો પ્રાપ્ત હો ઈસ ઉદ્દેશ્યસે મોક્ષમાર્ગકા નિર્દેશ સર્વપ્રથમ કિયા હૈ. ૧૯૭૫. (આચાર્ય અકલંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ-૧, પાનું ૨૬૬)

● જેમ કસ્તૂરીયા મૃગની સમીપ જ કસ્તૂરી છે પરંતુ કસ્તૂરીની સુગંધ નાસિકા દ્વારા ધારણ કરીને જંગલમાં અહીં તહીં ખોળતો ફરે છે—ધસ્યો ધસ્યો દોડે છે, તે જ પ્રમાણે જીવની સમીપ જ જીવથી તન્મયરૂપ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છે છતાં તેને જીવ, આકાશ-પાતાળ-લોકાલોકમાં ખોળે છે, અજ્ઞાની જીવને એ ખબર નથી કે જેને હું શોધું છું તે મારી વસ્તુ તો મારા સમીપ જ છે—મારા સ્વસમ્યજ્ઞાનથી તન્મય છે અથવા હું પોતે જ સ્વસમ્યગ્જ્ઞાનમય પરમાત્મા છું. ૧૯૭૬.

(શ્રી ધર્મદાસ ક્ષુલ્લક, સમ્યગ્જ્ઞાન દીપિકા, પાનું-૯૧)

● હમ એકાંતપક્ષકો નહીં માનકર અનેકાંતપક્ષ માનતે હૈં. અંકુરકી ઉત્પત્તિકે પહિલે બીજમેં અંકુર પર્યાય નહીં થી, પીછે ઉત્પન્ન હુઈ, અતઃ પર્યાયકી દૃષ્ટિસે અંકુર બીજસે ભિન્ન હૈ ઔર શાલિબીજકી જાતિવાલા હી અંકુર ઉત્પન્ન હુઆ હૈ અન્ય જાતિકા નહીં. અતઃ શાલિબીજ જાતિવાલે દ્રવ્યકી દૃષ્ટિસે બીજ અંકુર અભિન્ન હૈ. (ઐસે દ્રવ્ય-પર્યાયકા ભિન્નાભિન્ન-સ્વરૂપ સમજના.) ૧૯૭૭.

(આચાર્ય અકલંકદેવ, તત્ત્વાર્થવાર્તિક, ભાગ-૫, પાનું-૫૮૫)

વર્ષ–૧૭
અંક–૬




વિ. સંવત
૨૦૭૮

February
A.D. 2023




# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




## જાણનાર તે કર્તા નથી, કરનાર તે જ્ઞાતા નથી

(તા. ૧૮-૧૦-૭૬ના સમયસાર કળશ ૯૭ પરના પ્રવચનમાંથી)

વિજ્ઞાનઘન નિજ શુદ્ધાત્માનો આદર છોડી બહારની રાગની ક્રિયાના આદરમાં જે અટકી ગયો છે તેને જ્ઞપ્તિક્રિયા હોતી નથી. જ્ઞાતાપણાની જાણવાની ક્રિયા એટલે કે જ્ઞપ્તિક્રિયાવાળાને 'કરોતિ'–ક્રિયા હોતી નથી-રાગના કરવાપણાની ક્રિયા હોતી નથી. જે જાણનાર છે તે કર્તા નથી ને કર્તા છે તે જાણનાર નથી.

જે રાગના પરિણામની ક્રિયા કરે છે તે જ્ઞાતાપણાની ક્રિયાને કરી શકતો નથી. જ્યાં રાગને કરું છું એવું અંતરમાં ભાસન છે ત્યાં જાણવારૂપ ક્રિયા અંતરમાં નથી, તેથી જાણવારૂપ ક્રિયા ભાસતી નથી.–આવી વસ્તુસ્થિતિ છે એમ પહેલાં જ્ઞાનમાં નિર્ધાર કર !

રાગની ક્રિયાના કરવાના કાળમાં જાણનાર છું એવી ક્રિયા હોતી નથી, તેથી હું જાણનાર છું તેમ ભાસતું નથી. વિજ્ઞાનઘન ભગવાનનો આદર છોડી બહારમાં રાગની ક્રિયાના આદરમાં જે અટકી ગયો છે તેને અંદરની ક્રિયા હોતી નથી : તેથી ભાસતી નથી. રાગના પરિણમનની ક્રિયાના કર્તૃત્વના ભાવમાં જાણવાની ક્રિયા હોતી નથી.

જાણવારૂપ ક્રિયામાં એટલે કે જ્ઞાતાપણાની જાણવારૂપ ક્રિયા, શાંતિની ક્રિયાના

પુણ્યપાપયોગથી રોકીને નિજ આત્મને આત્મા થકી,
દર્શન અને જ્ઞાને ઠરી, પરદ્રવ્યઇચ્છા પરિહરી, ૧૮૭.
પરમાગમ શ્રી સમયસાર

કાળમાં રાગના કરવારૂપી ક્રિયા હોતી નથી તેથી ભાસતી નથી. સ્વભાવ સન્મુખ દૃષ્ટિ થઈને જ્ઞાનની, શ્રદ્ધાની, શાંતિની ક્રિયાના પરિણમનના કાળમાં અશુદ્ધતાની ક્રિયા હોતી નથી તેથી ભાસતી નથી. હું જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવી છું એવી સમ્યગ્દર્શનની ક્રિયાના ભાસમાં રાગની ક્રિયા પણ મારી છે એવું હોતું નથી તેથી ભાસતું નથી. કેમકે તે વખતે તેને જ્ઞાનની રચના હોય છે તેથી તે વખતે રાગ હોય છે તેને જાણે છે પણ કરવારૂપ ક્રિયાપણે ભાસતી નથી.

એ રીતે જ્ઞપ્તિક્રિયા અને 'કરોતિ' ક્રિયા બંને ભિન્ન છે. એટલે કે જાણનારને જાણવાની ક્રિયા-દેખનારને દેખવાની ક્રિયા તથા 'કરોતિ' ક્રિયા અર્થાત્ રાગની ક્રિયા તે બંને ભિન્ન છે.

તેથી એમ સિદ્ધ થયું કે જે જ્ઞાતા છે તે કર્તા નથી. સમ્યગ્દૃષ્ટિ જ્ઞાતા હોવાથી અશુદ્ધતાનો કર્તા નથી. ચોથા ગુણસ્થાને પણ જ્ઞાની રાગની ક્રિયાનો સ્વામી નહિ થતો હોવાથી તેને એક જ્ઞપ્તિક્રિયા જ છે. એકલી જ્ઞાનધારા જ જ્ઞાનીને છે, રાગ હોવા છતાં તે સમયે પોતાના સ્વ-પર પ્રકાશક સ્વભાવને લીધે રાગને જાણવાની ક્રિયા સ્વતઃ થાય છે.

જ્ઞાતાનું જ્ઞાનરૂપ પરિણમન થવાના કાળે રાગ હોય છે, છતાં તેના જ્ઞાનના પરિણમનમાં રાગ નિમિત્ત કહેવાય છે. નિમિત્ત કહેતા તે જ્ઞાનના પરિણમનમાં કર્તા નથી. સ્વ-પર પ્રકાશક જ્ઞાનમાં રાગ નિમિત્ત છે. જેમ કેવળી લોકાલોકના જ્ઞાતા છે પણ કર્તા નથી તેમ ચોથા ગુણસ્થાને જ્ઞાની જ્ઞાતા છે તે કર્તા નથી.

હું પરદ્રવ્યને કરું છું—એમ આત્મા પરિણમે છે ત્યારે 'કરોતિ' ક્રિયાનો કર્તા જ છે. અને તે જ્યારે હું પરદ્રવ્યને જાણું છું—એમ જ્ઞાતાભાવે પરિણમે છે ત્યારે જ્ઞપ્તિક્રિયાનો જ કર્તા છે.

અહીં કોઈ પ્રશ્ન કરશે કે ચોથે, પાંચમે તથા છઠ્ઠે ગુણસ્થાને રાગ તો છે, રાગરૂપ પરિણમન તો છે તો તેઓ રાગના જ્ઞાતા કહેવાય કે કર્તા?—તેનું સમાધાન : ચોથે, પાંચમે, છઠ્ઠે ગુણસ્થાને જ્ઞાનીને રાગનું પરિણમન છે પણ રાગના સ્વામીપણારૂપ કર્તાપણું નથી. રાગને જ જાણે છે. જ્ઞાનીને રાગની રુચિ નથી ને છતાં રાગ આવે છે તેથી તે ઉદયના બળથી થાય છે, જ્ઞાની તેને કરતો નથી, માટે જ્ઞાની રાગનો જ્ઞાતા જ છે, કર્તા નથી. અહીં દૃષ્ટિપ્રધાન કથન છે. તેથી રુચિથી રાગરૂપ પરિણમન થતું નથી માટે રાગરૂપ

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૦ ઉપર)

જે સર્વસંગવિમુક્ત, ધ્યાવે આત્મને આત્મા વડે,—
—નહિ કર્મ કે નોકર્મ, ચેતક ચેતતો એકત્વને, ૧૮૮.




# શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૧૨, શુક્રવાર) (ગાથા ૪૧)

જીવનો જે પારિણામિકભાવ છે તે સહજ શુદ્ધરૂપ છે, તેની જ ભાવના કરવાથી પર્યાયમાં ઔપશમિક-ક્ષાયિક એવા નિર્મળભાવો પ્રગટે છે. આત્માનો આ પરમપારિણામિકસ્વભાવ સર્વે જીવોને સદૃશ એકરૂપ છે, તેમાં ભવ્ય અને અભવ્ય એવા બે ભેદનો સ્વીકાર નથી; એ સ્વભાવના આશ્રયે જ સમ્યક્શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર થાય છે. માટે એ ભાવ જ ખરેખર મુક્તિનું કારણ છે.

અહીં એવું ન સમજવું કે 'આત્મામાં પર્યાય થતો જ નથી, આત્માનું બંધ-મોક્ષરૂપ પરિણમન થતું જ નથી.' પર્યાય તો આત્માનો સ્વભાવ છે, ને બંધ-મોક્ષરૂપ પણ આત્માનો જ પર્યાય થાય છે. પરંતુ, જો પર્યાયના લક્ષે જ આત્મા પરિણમે તો દ્રવ્યપર્યાયની એકતા થતી નથી ને વિકારની જ ઉત્પત્તિ થાય છે, તેથી પર્યાયનો આશ્રય છોડાવવા અને દ્રવ્યસ્વભાવનો આશ્રય કરાવવા અહીં આત્માનો ત્રિકાળી સ્વભાવ બતાવ્યો છે. જો પર્યાય પોતાના અખંડસ્વભાવનો આશ્રય કરીને પરિણમે તો દ્રવ્ય-પર્યાયની એકતા થાય છે ને નિર્મળતાની ઉત્પત્તિ થાય છે. જ્યારે સ્વભાવનો આશ્રય કરીને પરિણમે ત્યારે કાંઈ પર્યાયનો અભાવ થઈ જતો નથી પણ તે તો દ્રવ્યમાં લીન થાય છે—દ્રવ્યમાં અભેદ થાય છે; પર્યાય જેમ જેમ દ્રવ્યમાં લીન થતો જાય છે તેમ તેમ શુદ્ધતા વધતી જાય છે. પણ સાધક જીવને પર્યાયનો આશ્રય કે પર્યાય ઉપર દૃષ્ટિ નથી, તેને તો ત્રિકાળી સ્વભાવની જ મુખ્યતા અને તેનો જ આશ્રય છે, પર્યાયની ગૌણતા છે.

આત્માનો ત્રિકાળીસ્વભાવ ધ્રુવ છે ને બંધ તથા મોક્ષ એ બંને ક્ષણિક પર્યાયો છે. જો પર્યાય જેટલા જ આત્માની પ્રતીતિ કરે ને ધ્રુવસ્વભાવની પ્રતીતિ ન કરે તો જીવને બંધદશા જ થાય છે. ધ્રુવસ્વભાવની શ્રદ્ધા કરીને તેમાં પર્યાયને એકાગ્ર કરતાં સિદ્ધદશા પ્રગટે છે. સિદ્ધદશા પ્રગટ થતાં ભવ્યત્વ પારિણામિકભાવનો અંત આવી જાય છે. 'ભવ્યત્વ' એટલે સિદ્ધ થવાની લાયકાત; હવે સાક્ષાત્ સિદ્ધદશા પ્રગટ થઈ જતાં 'સિદ્ધ થવાની લાયકાત' રહેતી નથી.

તે આત્મ ધ્યાતો, જ્ઞાનદર્શનમય, અનન્યમયી ખરે,
બસ અલ્પ કાળે કર્મથી પ્રવિમુક્ત આત્માને વરે. ૧૮૯.

ભવ્યપણું અને અભવ્યપણું એ જોકે પારિણામિકભાવ છે, તેમાં કોઈ કર્મની અપેક્ષા નથી, પરંતુ જીવના ત્રિકાળી સ્વભાવને જોતાં ભવ્ય અને અભવ્ય એવા બે ભેદ નથી. ભવ્ય અને અભવ્ય એવા બે ભેદ ઉપર જોતાં વિકલ્પ ઊઠે છે, ભેદ પડે છે અને એકરૂપ અભેદ જીવસ્વભાવનો આશ્રય થતો નથી. નિગોદથી માંડીને સિદ્ધ સુધી, ભવ્ય કે અભવ્ય દરેક જીવમાં જે સદાય સ્થિત છે એવો અભેદરૂપ ધ્રુવચૈતન્યસ્વભાવમય પારિણામિકભાવ તેની અહીં વાત છે. તે પંચમ પારિણામિકભાવની ભાવના કરવાથી જ નિકટભવ્ય જીવો પંચમગતિરૂપ મોક્ષને પામે છે, પામ્યા છે ને પામશે. અહીં આચાર્યભગવાન ત્રણેકાળના જીવોને માટે એક જ મોક્ષનો ઉપાય બતાવે છે કે પોતાના પારિણામિકસ્વભાવની ભાવના કરવી.

આત્મા વસ્તુ અનંત ગુણોથી ત્રિકાળ અભેદરૂપ છે; તેમાં સંસાર-મોક્ષરૂપ અવસ્થાનું લક્ષ છોડીને એકરૂપ પૂર્ણ સ્વભાવનું લક્ષ કરવું તે જ મોક્ષનું કારણ છે; ઔદયિકાદિ ચારે ભાવોને કર્મની અપેક્ષા છે અને આ એકલો સ્વભાવભાવ નિરપેક્ષ છે.

જેમ લીંડીપીપરને ઘસ્યા પહેલાં પણ તેનામાં ચોસઠ-પોરી તીખાશ પ્રગટ થવાની તાકાત હતી, તેમ ભગવાન આત્મા અત્યારે જ સહજ શુદ્ધસ્વભાવી પૂર્ણ સામર્થ્યથી ભરેલો છે, તેનો વિશ્વાસ કરવાથી જ તે પ્રગટે છે. પરંતુ, અહીં 'પ્રગટે છે' તે નથી બતાવવું, પ્રગટ્યા પહેલાં જ જે પૂર્ણ શક્તિસ્વભાવ છે તે બતાવવો છે. જો પૂર્ણતાની શક્તિ અત્યારે જ આત્મસ્વભાવમાં ન હોય તો પૂર્ણતા શેમાંથી પ્રગટે? સદાય વર્તમાન વર્તતો જે સહજ સ્વભાવભાવ શક્તિરૂપે પૂરો છે તેમાં દૃષ્ટિ કરીને એકાગ્ર થતાં સમ્યક્ત્વ અને કેવળજ્ઞાનરૂપ પર્યાય પ્રગટે છે. ચાર ભાવો તો પર્યાયરૂપ છે, તેમનામાં એવું સામર્થ્ય નથી કે તેમાંથી બીજો પર્યાય પ્રગટ થાય; તે ચાર ભાવો ઉપરની દૃષ્ટિથી તો જીવને આકુળતાભાવ જ પ્રગટ થાય છે. અને ત્રિકાળ નિરંજન એવા સ્વાભાવિક ભાવ ઉપરની દૃષ્ટિથી જીવને વીતરાગતા ને કેવળજ્ઞાન પ્રગટ થાય છે. એ સ્વભાવની ભાવના કરી કરીને જ ભૂતકાળના મુમુક્ષુજીવો મુક્તિ પામ્યા છે, ભવિષ્યમાં મુક્ત થનારા જીવો એ જ રીતે મુક્ત થશે ને અત્યારે પણ મહાવિદેહ વગેરે ક્ષેત્રમાં ભવ્ય જીવો એ જ રીતથી મુક્ત થાય છે.

અહીં અજ્ઞાની જીવને અજ્ઞાન ટળીને ધર્મની શરૂઆત કેમ થાય ને મુક્તિ કેમ થાય તેની વાત છે. ત્રણે કાળે, પોતાના મહિમાવંત શુદ્ધાત્મસ્વભાવની ભાવનાથી જ ધર્મની શરૂઆત થાય છે ને તેની જ ભાવનાથી મુક્તિ થાય છે. શુદ્ધ આત્મસ્વભાવ શું? તેનું અહીં

> રાગાદિના હેતુ કહે સર્વજ્ઞ અધ્યવસાનને,
> —મિથ્યાત્વ ને અજ્ઞાન, અવિરતભાવ તેમ જ યોગને. ૧૯૦.

કથન કર્યું છે. આ અધિકારમાં ઘણી સ્પષ્ટતાથી શુદ્ધાત્માનું વર્ણન આવી ગયું છે. મોક્ષાર્થી જીવો એવા શુદ્ધાત્માની જ ભાવના કરે છે,—તેની શ્રદ્ધા-જ્ઞાન કરીને તેનો જ નિર્વિકલ્પપણે અનુભવ કરે છે. 'હું મોક્ષ કરું, હું પુરુષાર્થ કરું' એવા વિકલ્પને પણ મૂકીને, સ્વભાવની સાક્ષાત્ ભાવનામાં સંપૂર્ણ લીન થતાં મુક્તદશા થઈ જાય છે.

હવે ટીકાકાર શ્રી પદ્મપ્રભમલધારિદેવ આ ગાથા ઉપર બે કળશ કહે છે. તેમાં શુદ્ધ આત્માની ભાવના કરવાનું કહે છે :—

(આર્યા)

**अंचितपंचमगतये पंचमभावं स्मरन्ति विद्वान्सः।**
**संचितपंचाचाराः किंचनभावप्रपंचपरिहीणाः ।।५८।।**

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને વીર્ય એ પાંચ આચારોને આચરનારા વિદ્વાનો લોભના પ્રપંચને છોડીને પંચમગતિ (મોક્ષ)ની પ્રાપ્તિ માટે પંચમભાવ-પારિણામિકભાવ-ની જ ભાવના કરે છે.

દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપ અને વીર્ય એ પાંચ આચારોના વિકલ્પનો ત્યાગ કરીને આત્માના એકરૂપ પારિણામિકભાવના લક્ષે એકાગ્ર થવું તે જ મોક્ષનું કારણ છે. હું મોક્ષ કરું—એવા વિકલ્પ ઊઠે તે પણ લોભનો પ્રપંચ છે, મુનિવરો તેને છોડીને આત્મામાં લીનતા કરે છે; પારિણામિક-ભાવ તે આત્માનો ત્રિકાળ નિર્મળ એકરૂપ સ્વભાવ છે, તેની ભાવનાથી જ મોક્ષ થાય છે. એ સિવાય બીજાની ભાવનાથી મોક્ષ થતો નથી.

જેમ દરિયાનું પાણી દસ વાંસ ઊંડું હોય, તેમાં તરંગ ઊઠે તે ઉપર જ છે; તરંગમાં કોઈક મેલા તરંગ હોય ને બીજા નિર્મળ હોય, પણ તે નિર્મળ કે મેલાં તરંગમાં પાણીનું આખું દળ આવી જતું નથી, પાણીની સપાટીના ઊપલા ભાગમાં જ તે તરંગ છે;—આ દૃષ્ટાંત સમજવું. તેમ આત્મા અનંતગુણોનું ચૈતન્યદળ છે, તેમાં બંધઅવસ્થા તે મલિનતરંગ છે ને મોક્ષઅવસ્થા તે નિર્મળતરંગ છે; ત્રિકાળી આત્મા તે બંધ—મોક્ષઅવસ્થા જેટલો નથી પણ બંધ-મોક્ષની અપેક્ષા રહિત ત્રિકાળ એકરૂપ છે; તે પારિણામિકભાવ છે. મુનિવરો મોક્ષ માટે તેનું જ સ્મરણ કરે છે. પહેલાં જેની ઓળખાણ કરી હોય તેનું સ્મરણ થાય, માટે પહેલાં આત્માના આવા સ્વભાવની શ્રદ્ધા અને જ્ઞાન કરવું જોઈએ.

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૪ ઉપર)

**હેતુઅભાવે જરૂર આસ્રવરોધ જ્ઞાનીને બને,**
**આસ્રવભાવ વિના વળી નિરોધ કર્મ તણો બને; ૧૯૧.**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

હવે, એક ધર્મને નય કેવી રીતે ગ્રહણ કરે છે તે કહે છે :—

**णाणाधम्मजुदं पि य एयं धम्मं पि वुच्चदे अत्थं ।**
**तस्सेयविवक्खादो णत्थि विवक्खा हु सेसाणं ॥२६४॥**

અર્થ :—પદાર્થ નાના ધર્મથી યુક્ત છે તોપણ તેને કોઈ એક ધર્મરૂપ કહેવામાં આવે છે, કારણ કે એક ધર્મની જ્યાં વિવક્ષા કરવામાં આવે ત્યાં તે જ ધર્મને કહેવામાં આવે છે પણ બાકીના સર્વ ધર્મની વિવક્ષા કરવામાં આવતી નથી.

ભાવાર્થ :—જેમ જીવવસ્તુમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ, અનેકત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મ છે; તે બધામાંથી કોઈ એક ધર્મની વિવક્ષાથી કહેવામાં આવે કે 'જીવ ચેતનસ્વરૂપ જ છે' ઇત્યાદિ. ત્યાં અન્ય ધર્મની વિવક્ષા નથી કરી પણ તેથી એમ ન જાણવું કે અન્ય ધર્મોનો અભાવ છે. પરંતુ અહીં તો પ્રયોજનના આશ્રયથી તેના કોઈ એક ધર્મને મુખ્ય કરી કહે છે–અન્યની અહીં વિવક્ષા નથી (એમ સમજવું).

**વસ્તુમાં સત્‌પણું અને અસત્‌પણું બંને ધર્મ એક સાથે છે. પરંતુ નય તેમાં એક ધર્મની મુખ્યતા કરીને વસ્તુને જાણે છે. જેમ, વસ્તુ સત્ છે, એમ કહ્યું, ત્યારે પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની વિવક્ષા કરવામાં આવે છે અને તે સમયે પરના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અસત્‌પણું છે, તે ધર્મની ગૌણતા છે.**

**જેમ, જીવવસ્તુમાં અસ્તિત્વ, નાસ્તિત્વ, નિત્યત્વ, અનિત્યત્વ, એકત્વ-અનેકત્વ, ચેતનત્વ, અમૂર્તત્વ આદિ અનેક ધર્મ છે. તેમાં બધા ધર્મોમાં કોઈ એક ધર્મની વિવક્ષાથી કહેવામાં આવે તો જીવ ચેતનત્વરૂપ જ છે એમ કહેવાય. જોકે ત્યાં અન્ય ધર્મોની વિવક્ષા નથી કરવામાં આવી તો એ પણ જાણવું જોઈએ કે બીજા ધર્મોમાં અન્ય ધર્મનો અભાવ છે. પણ ત્યાં તો પ્રયોજનહેતુ તેના કોઈ એક ધર્મને મુખ્ય કરીને કહેવામાં આવે છે; બીજાની વિવક્ષા ત્યાં નથી—એમ સમજવું જોઈએ.**

**ભાઈ ! આ બાર ભાવનાઓ વસ્તુસ્વરૂપના ભાનપૂર્વક કરી છે. સંવરના પ્રકારોમાં આ આવે છે, તે ભાવનાઓને ભાવવાથી સ્વભાવમાં એકાગ્રતા વધતી જાય છે અને રાગ**

**કર્મો તણા ય અભાવથી નોકર્મનું રોધન અને**
**નોકર્મના રોધન થકી સંસારસંરોધન બને. ૧૯૨.**

મટતો જાય છે તથા શુદ્ધતાની વૃદ્ધિ થતી જાય છે, તેનું નામ સંવર-નિર્જરા છે.

જીવવસ્તુમાં તથા દરેક વસ્તુમાં સ્વથી અસ્તિત્વ ધર્મ છે અને પરથી નાસ્તિત્વ છે. દ્રવ્યની અપેક્ષાએ એકપણું છે અને ગુણ-પર્યાય આદિ ભેદની અપેક્ષાએ અનેકપણું છે. જીવમાં ચૈતન્યપણું છે; અન્ય પાંચ દ્રવ્યોમાં અચેતનપણું છે. જીવમાં અમૂર્તત્વપણું છે– આદિ અનેક ધર્મ, દરેક વસ્તુમાં છે. જીવમાં ચેતનપણું આદિ અનેક ધર્મ એક સાથે હોવા છતાં પણ પ્રયોજનવશ એક ચેતનત્વ ધર્મને મુખ્ય કરીને એમ કહેવું કે જીવ ચેતનસ્વરૂપ જ છે, તો એ નયનું કથન છે. તેમાં ચેતનધર્મની મુખ્યતા કરવામાં આવી છે બીજા ધર્મોની વિવક્ષા કરવામાં આવેલ નથી; માટે બીજા ધર્મોનો સર્વથા અભાવ સમજવો જોઈએ નહિ. પરંતુ પ્રયોજનવશ કોઈ એક ધર્મને મુખ્ય કરીને કથન કરવામાં આવે છે; માટે નયોના કથનમાં પણ પ્રયોજન છે.

હવે, વસ્તુના ધર્મને, તેના વાચક શબ્દને તથા તેના જ્ઞાનને નય કહે છે :—

**सो चिय एक्को धम्मो वाचयसद्दो वि तस्स धम्मस्स।**
**तं जाणदि तं णाणं ते तिण्णि वि णयविसेसा य ॥२६५॥**

અર્થ :—વસ્તુનો (કોઈ) એક ધર્મ, તે ધર્મનો વાચક શબ્દ તથા તે ધર્મને જાણવાવાળું જ્ઞાન એ ત્રણેય નયના વિશેષ (ભેદ) છે.

ભાવાર્થ :—વસ્તુનું ગ્રહણ કરવાવાળું જ્ઞાન, તેનો વાચક શબ્દ તથા વસ્તુ, એને (એ ત્રણેને) જેમ પ્રમાણસ્વરૂપ કહેવામાં આવે છે તેમ નય પણ કહેવામાં આવે છે.

અહો ! આ અધ્યાત્મિક સંતોની વાણી છે. નય અને નયના વિષયની અભેદતાનો અનુભવ કરીને, વસ્તુના ધર્મને પણ નય કહેલ છે. ૧૪ વર્ષ પહેલા જ્યારે આ ગાથા સ્વાધ્યાયમાં લીધી હતી ત્યારે એમ લાગતું હતું કે અહો ! અંદરની અધ્યાત્મની અલૌકિક વાત સંતોએ કરી છે. નય અને નયના વિષયને અભેદરૂપે વર્ણન કરવું, અધ્યાત્મની અપૂર્વ વાત છે. સમયસારમાં પણ અભેદના અનુભવની અપેક્ષાએ નય અને નયના વિષયને અભેદ કરીને કહ્યું છે કે–

"નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની."

જુઓ, આ નિશ્ચયનય તો જ્ઞાનનો એક અંશ છે, તે તો પર્યાય છે, તે પર્યાયના આશ્રયથી મુક્તિ નથી પણ નિશ્ચયનય અને તેના વિષયરૂપ જે ત્રિકાળ અભેદસ્વભાવ છે, તે અભેદસ્વભાવના અનુભવમાં નય અને નયના વિષયનો ભેદ રહેતો નથી; માટે અભેદ

**ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇન્દ્રિયો વડે**
**જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાકારણ બને. ૧૯૩.**

અપેક્ષાથી કહ્યું છે કે ''નિશ્ચયનયાશ્રિત મુનિવરો, પ્રાપ્તિ કરે નિર્વાણની.''

અહો ! સંતોની વાણી કોઈ અંતરના ઉંડાણના અનુભવમાંથી નિકળી છે ! જ્ઞાનના અંશને તો નય કહે છે. પણ તે નયના વિષયરૂપ ધર્મને પણ નય કહેવું રહસ્ય છે.

શબ્દ, અર્થ અને જ્ઞાન—એમ ત્રણ પ્રકારથી નય કહેવામાં આવેલ છે. જેમ, પ્રમાણ ત્રણ પ્રકારના છે, તેમ નય પણ ત્રણ પ્રકારના છે. જે વાક્ય કહેવાથી પ્રમાણ વસ્તુ જ્ઞાનમાં આવી જાય, તે વાક્યને પ્રમાણવાક્ય કહે છે અને જે વાક્યમાં એક ધર્મ કહેવાનું પ્રયોજન હોય તેને નયવાક્ય કહેવામાં આવે છે.

જેવી વસ્તુ, તેવું જ જ્ઞાન અને તેવી જ વાણી—એમ ત્રણેયનો મેળ છે. વસ્તુસ્વરૂપને સમજવા માટે આ બધું જાણવું જોઈએ. ત્રિકાળી વસ્તુ શું છે ? પર્યાય શું છે ? પર્યાયમાં શુદ્ધતા અને અશુદ્ધતાના કેવા-કેવા પ્રકાર છે તથા તેને કેવા-કેવા નિમિત્ત છે ? આ બધાને જાણવા જોઈએ, ત્યારે પ્રમાણજ્ઞાન થાય છે અને પ્રમાણજ્ઞાનવાળાને જ નય હોય છે. દ્રવ્યદૃષ્ટિ થાય ત્યાં સંપૂર્ણ પ્રમાણજ્ઞાન સાથે જ હોય છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થઈ છે અને અરાગી મુનિદશા પ્રગટ થઈ છે, તેને તો મુનિદશામાં વસ્ત્રાદિ હોતા જ નથી પરંતુ અધઃકર્મી અને ઉદ્દેશિક આહારનો વિકલ્પ પણ હોતો નથી અને નિમિત્તરૂપમાં તેવો આહાર પણ છૂટી ગયો હોય છે. આ પ્રમાણે જે સમ્યગ્દૃષ્ટિ છે, તેને મિથ્યાત્વના નિમિત્તરૂપ કુદેવ-કુગુરુ-કુશાસ્ત્રનો ત્યાગ હોય જ છે. જેને જે જાતિના રાગનો અભાવ થયો છે, તેને તે જાતિના નિમિત્તો પણ છૂટી જાય છે. આ પ્રમાણે પર્યાયના નિમિત્ત-નૈમિત્તિક સંબંધને સારી રીતે જાણવા જોઈએ. (ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૪ થી ચાલુ) (સમયસાર પ્રવચન)

પરિણમનને ઉદયની બળજોરીથી થાય છે. તેમ આરોપથી કથન કર્યું છે. સમ્યગ્દૃષ્ટિની રુચિ શુદ્ધાત્માની જ હોય છે, રાગાદિની રુચિ હોતી જ નથી. છતાં રાગાદિ આવે છે તેથી ઉદયની બળજોરીથી આવે છે તેમ કહેવાય છે. જ્ઞાની રાગાદિનો અજ્ઞાનપણે કર્તા નથી પણ જ્ઞાતા જ છે. વળી રુચિ વિના થતા રાગાદિનું ફળ પણ તીવ્ર હોતું નથી, અનંત સંસારનું કારણ બનતું નથી. જેમ વૃક્ષનું મૂળ કાપ્યા પછી પાંદડા આદિ થોડા દિવસ રહે અથવા તરત સુકાઈ જાય, તેમ જ્ઞાની માટે સમજવું. રુચિ વિના થતા રાગાદિના ફળમાં કદાચિત્ જ્ઞાનીને એકાદ-બે ભવ થાય તોપણ જ્ઞાની તો તે ભવનો પણ જ્ઞાતા જ છે.

(ક્રમશઃ) ❊

વસ્તુ તણે ઉપભોગ નિશ્ચય સુખ વા દુઃખ થાય છે,
એ ઉદિત સુખદુખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ૧૯૪.

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૨૫, ગાથા - ૨૩)

## નિજાત્માની પ્રાપ્તિનો ઉપાય : નિજાત્માની ઉપાસના

અરે ! આ ખરેખર મોહનું માહાત્મ્ય છે કે આ ભગવાન ચિદાનંદને નહિ શોધતા સ્ત્રી, પુત્ર, ધન, આબરૂ, પુણ્ય-પાપ આદિને શોધે છે. આ બધી મોહની મહિમા છે. ભગવાન ચૈતન્યમૂર્તિ સન્મુખની રુચિ અને પરિણતિ પ્રગટ કરતો નથી અને શરીર, વૈભવ, પુણ્ય-પાપની રુચિ કરે છે કે આ બધું અનુકૂળ હોય તો મને ઠીક, શરીર નીરોગી હોય તો ઠીક, પુણ્ય કરીએ તો પરંપરા ધર્મ થાય, સાંસારિક બધી અનુકૂળતા હોય તો ધર્મ થઈ શકે. આવી વિપરીત માન્યતાવાળાઓને ચૈતન્યમૂર્તિ ભગવાનના દર્શન ક્યાંથી થાય ?

ચૈતન્યદેવની સન્મુખતા કરે, સ્વભાવના શ્રદ્ધા-જ્ઞાન અને રમણતા કરે તો આત્માની શાંતિ અને વીતરાગતાનું ઉત્તમ ફળ તુરત જ પ્રાપ્ત થાય. ચૈતન્યરાજાની સેવાથી ચૈતન્યની જાગૃતિનું ફળ મળે.

હે ભદ્ર ! જ્ઞાનીની ઉપાસના કરીને પ્રગટ થઈ છે સ્વપરવિવેકરૂપી જ્યોતિ જેને, એવા આત્માને આત્મા દ્વારા આત્મામાં જ નિરંતર સેવ. શુદ્ધાત્માને—રાગાદિ રહિત વીતરાગ નિર્મળ આત્મા આત્મા દ્વારા એટલે નિર્વિકલ્પ અનુભવ દ્વારા નિરંતર સેવનીય છે. શ્રીમદ્ લખે છે કે "અનન્ય શરણના આપનાર એવા સદ્‌ગુરુદેવ છે." પણ તે નિમિત્તથી કથન છે. ખરેખર તો અનન્ય શરણનો આપનાર પોતાનો ચિદાનંદ ભગવાન આત્મા છે તેની ઓળખાણ કરીને તેમાં જ એકાગ્રતા કરવી તે એક જ કર્તવ્ય છે.

## આત્માની સેવાનું ફળ : મુક્તિ, રાગની સેવાનું ફળ : બંધન

આ ઈષ્ટોપદેશ શાસ્ત્ર છે. ૨૩મી ગાથા પૂરી થઈ ગઈ છે પણ ફરીથી લઈએ.

આ ગાથાનો અર્થ એ છે કે અજ્ઞાનીની સેવા કરવાથી અજ્ઞાનની પ્રાપ્તિ થાય અને જ્ઞાનીની સેવા કરવાથી જ્ઞાનની પ્રાપ્તિ થાય. કેમ કે જેની પાસે જે હોય તે આપે એ વાત સુપ્રસિદ્ધ છે.

શ્રી પૂજ્યપાદસ્વામી જિજ્ઞાસુ શિષ્યને સંબોધીને કહે છે હે ભદ્ર ! જેને જ્ઞાનીની ઉપાસના કરીને સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે, એવા આત્માને આત્મા દ્વારા

**જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,**
**ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ૧૯૫.**

આત્મામાં જ નિરંતર સેવ. આત્મા પોતે જ જ્ઞાની છે, તેની ઉપાસના કરવાથી ''આ જ્ઞાન-આનંદસ્વરૂપ તે હું છું, રાગાદિ તે હું નહિ'' એવી જે સ્વ-પર વિવેકરૂપી જ્યોતિ પ્રગટ થઈ છે એવા આત્માએ પોતાની શુદ્ધ પરિણતિ દ્વારા સ્વાત્માને નિરંતર સેવવા યોગ્ય છે.

જુઓ ! આત્માની સેવા કરવા લાયક છે એમ કહ્યું છે. પરની સેવા કરવી તે શુભરાગ છે, તે કરવાલાયક નથી એમ ન કહ્યું. પણ આત્માની જ સેવા કરવા યોગ્ય છે એમ અસ્તિથી લીધું છે. ભગવાન આત્મા જ્ઞાન અને આનંદસ્વરૂપ છે અને પુણ્ય-પાપ રાગ સ્વરૂપ છે. દુઃખસ્વરૂપ છે એમ બે વચ્ચેનો વિવેક કરી—ભેદજ્ઞાન કરી આત્મા આત્મામાં આત્મા દ્વારા સેવનીય છે.

ખરેખર તો ત્રિલોકીનાથ તીર્થંકર પરમાત્માની પ્રતિમા કે સાક્ષાત્ ભગવાન હોય તેની પણ સેવાનું લક્ષ કરવું તે તો એક શુભભાવ છે, ધર્મભાવ નથી. લોકોને આ વાત આકરી પડે પણ શું થાય ? શુભભાવથી પણ જુદા પડી આત્માનું સેવન કરવું તે ખરેખર ધર્મ છે અને તે જ ખરેખર સંવર-નિર્જરા છે.

અહીં તો આત્મા ભગવાન સત્ચિદાનંદપ્રભુ પોતે જ સર્વજ્ઞ અને સર્વદર્શી છે, અનંત આનંદમય છે તેની અંતરમાં એકાગ્રતા કરવી—સ્વભાવસન્મુખતા કરવી તે આત્મસેવા અને આત્મધર્મ છે. દયા-દાન-પૂજા-ભક્તિ-જાત્રા આદિનો ભાવ શુભભાવ છે પણ ધર્મ નથી. આચાર્યદેવ ચોખ્ખા શબ્દમાં આવી વાત મૂકે છે, કોઈને એમ થાય કે આવી વાત સાંભળશે તો લોકો ભગવાનની પૂજા-ભક્તિ કરતાં અટકી જશે. પણ ભાઈ, એ શુભભાવ છે તેની ના નથી કહી. એ ધર્મ નથી એમ પહેલાં નક્કી કરવું પડશે. શુભભાવ તો અનાદિથી જીવ જ કરતો જ આવ્યો છે તેમાં તેણે નવીન શું કર્યું ? મંદિરો, મૂર્તિ, પૂજા બધું હોય છે પણ તેની મર્યાદા શુભભાવ સુધીની છે. કોઈ એમ માને કે તેમાં સંવર નિર્જરા થાય છે તો વાતમાં માલ નથી.

ચૈતન્યમૂર્તિ પ્રભુમાં વિકલ્પનો પણ અભાવ છે, એકલો જ્ઞાનનો ભંડાર છે. તેની ભક્તિ એટલે તેમાં નિર્વિકલ્પ એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે, અજ્ઞાનનું ફળ ન આપે. જ્ઞાનસ્વભાવમાં જ્ઞાનની એકાગ્રતા જ્ઞાનનું ફળ આપે. શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્ર આદિ બધી જ્ઞાનની ભૂમિકાની દશા છે. ભગવાન આત્માના જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન, જ્ઞાનસ્વરૂપની શ્રદ્ધા અને જ્ઞાનસ્વરૂપનું ચારિત્ર એટલે સ્થિરતારૂપ સેવા કરવાથી જ્ઞાનસ્વરૂપની પૂર્ણતાની પ્રાપ્તિ થાય.

જ્યમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નથી,
દ્રવ્યોપભોગ વિષે અરત જ્ઞાનીય બંધાતો નથી. ૧૯૬.

શ્રી પૂજ્યપાદસ્વામી ભાવલિંગી સંત હતા, જંગલમાં રહેતા હતા. પંચમકાળમાં જ તેઓ થઈ ગયા અને પંચમકાળના જીવો માટે જ લખતા ગયા.

લોકો પંચકલ્યાણક ઊજવે, રથયાત્રા મોટી કાઢે, પાંચ પચીસ લાખ ખર્ચે એટલે જાણે બહુ ધર્મ થઈ ગયો, પણ ભાઈ ? એ તો શુભભાવ છે, ધર્મ નથી, પ્રસંગે આવવાયોગ્ય શુભભાવ આવ્યા વિના રહે નહિ, આવે જ. પણ તે ધર્મ નથી, અજ્ઞાનભાવ છે તેમાં જ્ઞાનસ્વભાવનો અભાવ છે. ''જ્ઞ'' સ્વરૂપી ભગવાન આત્મા સર્વજ્ઞસ્વભાવી છે તેની અંતર એકાગ્રતા કર તો સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રનું વીતરાગી ફળ આત્મા પોતાની પર્યાયમાં આપે.

શ્રોતા :—પ્રભુ ! શુભભાવથી પૂર્ણતા સુધી ન પહોંચાય પણ નજીક તો આવી શકાય ને ? ૧૦૦ ગાઉ દૂર હોય તો ૫૦ ગાઉ સુધી તો આવી શકાય કે નહિ ?

પૂજ્ય ગુરુદેવ :—ના...ના...ભાઈ ! અહીં તો એક જ વાત છે. એક હોય ત્રણકાળમાં પરમારથનો પંથ. ભગવાન આત્મા જ્ઞાનની જ્યોત નિર્દોષ, નિર્વિકારી ચૈતન્યપિંડ આત્મા છે તેની સેવા એટલે એકાગ્રતા કરવાથી જ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષનો માર્ગ આત્મામાંથી જ પ્રગટ થાય. ત્યાં વચ્ચે શુભભાવ હોય ખરો પણ તે માર્ગ નથી. તેનાથી આત્મા સમીપ ન થાય.

જેની પાસે જે હોય તે મળે. પૈસાવાળા પાસેથી પૈસા મળે પણ ભિખારી પાસેથી ક્યાંથી મળે ? જેની પાસે જે હોય જ નહિ તે ક્યાથી આપે ? તેમ શુભભાવમાં, મંદિરમાં, શત્રુંજયમાં, શિખરજીમાં કે સમવસરણમાં સાક્ષાત્ ભગવાનમાંથી પણ તને તારું જ્ઞાન ન મળે, કેમ કે તારું જ્ઞાન તારામાં છે, ત્યાં નથી.

ભગવાન આત્મા જ્ઞાનનો દરિયો—ચૈતન્યનું પૂર છે. તેમાં એકાગ્રતા કરવાથી આત્માનું જ્ઞાન-દર્શન-ચારિત્ર પ્રગટ થાય પણ પરમાં તો જ્ઞાન જ નથી તો તેમાંથી જ્ઞાન પ્રગટે ક્યાંથી ? શાકભાજીની દુકાને શાક હોય તો શાક આપે, કંદોઈની દુકાને પેંડા હોય તો એ પેંડા આપે, કાપડની દુકાને કાપડ હોય તો કાપડ આપે પણ કાપડની દુકાને પેંડા કે શાક મળે ખરાં ? તેમ અહીં કહે છે કે ભગવાન આત્માની દુકાનમાં જ્ઞાન અને આનંદ ભર્યા છે તેમાં એકાગ્રતા કરે તો જ્ઞાન અને આનંદ મળે. શુભભાવમાં એકાગ્રતા કરે તો પુણ્ય થાય અને સ્ત્રી-પુત્ર પરિવાર આદિમાં એકાગ્રતા કરે તો પાપ થાય.

**સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને,**
**પ્રકરણ તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણ જ્યમ નહિ ઠરે. ૧૯૭.**

આચાર્યદેવ કહે છે કે ભાઈ ! તારે તારું હિત કરવું છે કે નહિ ? જેને પોતાનું હિત કરવું હોય તેને માટે અમે આ ઈષ્ટ-ઉપદેશ આપીએ છીએ.

શુભમાં ધર્મ ન થાય એ વાત આવે ત્યાં લોકોને એમ થાય કે અરે ! એક તો આજના જુવાનિયા સ્વચ્છંદી હોય તેમાં આ વાત સાંભળશે તો વધારે સ્વચ્છંદી થઈ જશે ! પણ નહિ થાય ભાઈ ! સાંભળને ! સત્ વાત સાંભળે અને અસત્ થશે ? સત્ય વાતની પ્રરૂપણા થતા સત્યનો જ લાભ થાય. અસત્ ન થાય. લોકોને સત્ય વાત આકરી લાગે પણ સત્ય તો સત્ય જ રહેશે. દુનિયાના ફેરવવાથી સત્ય અસત્ય નહિ થાય.

જ્યાં નિશ્ચય છે પણ પૂર્ણ વીતરાગદશા પ્રગટ થઈ નથી ત્યાં સુધી વચ્ચે વ્યવહાર હોય, શુભભાવ હોય પણ તેમાં બંધનું ફળ છે. જ્ઞાન અને આનંદનું ફળ તેમાંથી કદાપિ ન મળી શકે.

શ્રોતા :—પ્રભુ ! મૂર્તિપૂજાથી પણ ધર્મ નથી તો તો મૂર્તિ જ ન હોય તે સારું !

પૂજ્ય ગુરુદેવશ્રી :—એમ ન હોય ભાઈ ! નિશ્ચયની સાથે વ્યવહાર હોય છે. પૂર્ણ ન થાય ત્યાં સુધી ઈ જાતના શુભભાવ આવ્યા વગર રહેતા નથી. ભગવાનની પૂજા-ભક્તિ-દાનાદિ બધું હોય પણ તેનાથી સંવર-નિર્જરા અને ધર્મ માનવો તે ભૂલ છે.

(ક્રમશઃ) ❊

---

(અનુસંધાન પેજ નં. ૭ થી ચાલુ)　　(નિયમસાર પ્રવચન)


ધર્મી જીવો દેહની કોઈ ક્રિયાને કે પુણ્ય-પાપને મોક્ષના કારણ તરીકે સંભારતા નથી; મોક્ષમાર્ગનું કે મોક્ષનું સ્મરણ પણ મોક્ષનું કારણ નથી. આત્માનો એકલો પરમપારિણામિક-ભાવ છે તેનું જ સ્મરણ અને એકાગ્રતા મોક્ષનું કારણ છે.

જેમ દરિયામાં નીચેથી ઉપર સુધીનું પાણીનું દળ અને તેની સપાટી બંને એકરૂપ છે, માત્ર ઉપરનાં મોજામાં ફેરફાર થાય છે, તેમ અહીં પાણીનું દળ તે ત્રિકાળી ગુણપર્યાયનો પિંડ એકરૂપ દ્રવ્ય સમજવું. અને સપાટી તે કારણશુદ્ધપર્યાય સમજવો. આત્માનો સ્વભાવ દ્રવ્યગુણથી ભર્યો છે, ને તેમાં વિકારી કે નિર્મળ પર્યાયના ભેદરહિત કારણશુદ્ધપર્યાય ત્રિકાળ પડ્યો છે, તે દ્રવ્ય—ગુણ ને કારણશુદ્ધપર્યાય અભેદ છે, તે પરમપારિણામિકભાવ છે; સંતો—મુનિવરોને પણ એનું જ સ્મરણ અને એમાં જ એકાગ્રતા કરવા જેવું છે. તેનું જ્ઞાન કરવાથી જ ધર્મ થાય છે, ને તેમાં એકાગ્રતા કરવાથી વીતરાગતા થાય છે.　(ક્રમશઃ) ❊

**કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણવ્યો,**
**તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ૧૯૮.**




# શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન



(બીજી ઢાળ ગાથા-૩)

## અજીવથી જીવની ભિન્નતા; અને તે સંબંધમાં જીવની ભૂલ

पुद्गल नभ धर्म अधर्म काल, इनतैं न्यारी है जीव चाल।
ताको न जान विपरीत मान, करि करै देहमें निज पिछान।।३।।

કોણ શરીરને ચલાવે? ને કોણ બોલે?—એ તો બધી જડની ચાલ છે; આત્માની ચાલ તો જાણવાની છે.

તનતા મનતા વચનતા જડતા જડસંમેલ,
ગુરુતા લઘુતા ગમનતા યે અજીવકે ખેલ.

એ અજીવથી જુદો જીવનો વિલાસ કેવો છે? તો કહે છે કે—

સમતા રમતા ઊર્ધ્વતા જ્ઞાયકતા સુખભાસ,
વેદકતા ચૈતન્યતા યે સબ જીવ વિલાસ.

હે ભાઈ, જો આ અજીવથી જુદા તારા આત્માનો વિલાસ! જીવ ઉપયોગમય છે—સુખમય છે તેની પીછાણ કરતો નથી અને જડ દેહમાં જ પોતાની પીછાણ કરે છે અર્થાત્ દેહ તે હું જ છું—એવી મિથ્યાબુદ્ધિ કરીને તેને સાચવવાની ચેષ્ટા કરે છે. પણ મૂર્ખ! એ શરીરમાં તો જડનો અધિકાર છે, તારો નહિ. તારો અધિકાર તારા ઉપયોગમાં છે, તે ઉપયોગની સંભાળ કર. તારું અસ્તિત્વ ઉપયોગમાં છે, દેહમાં નહિ. દેહ નહિ હોય તોપણ તેના વગર તું જીવી શકીશ, પણ ઉપયોગ વગર એક ક્ષણ પણ તું જીવી નહિ શકે. ઉપયોગ વગર જીવનું જીવન કે અસ્તિત્વ હોઈ શકે નહિ. ઉપયોગસ્વભાવમાં પોતાનું અસ્તિત્વ હોવા છતાં જડમાં પોતાનું અસ્તિત્વ માને છે ને પોતાના ઉપયોગ—જીવનને ભૂલી જાય છે, તે મહાન ભૂલને લીધે જીવ નિરંતર મહા દુઃખને ભોગવે છે. હવે તે ભૂલ મટાડીને દુઃખથી છૂટવા માટે આ ઉપદેશ છે. આ ભેદજ્ઞાન ફરી ફરીને ઘૂંટવા જેવું છે.

પુદ્ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ૧૯૯.

ભાઈ! જીવ અને પુદ્ગલ બંનેની ચાલ જુદી છે; આત્મા પોતાની ઉપયોગ ચાલ છોડીને પુદ્ગલની ચાલમાં જાય નહિ....પુદ્ગલમાં પરિણમે નહિ. જીવ અને અજીવ બંનેની પરિણતિ પોતપોતામાં ભિન્ન ભિન્ન છે; પોતાની પરિણતિનો પ્રવાહ છોડીને કોઈ બીજાની પરિણતિમાં જતું નથી.

હું દેહથી ભિન્ન—જ્ઞાનાનંદ સ્વરૂપ છું—એમ ઓળખ્યા વગર દેહબુદ્ધિ મટે નહિ. ભલે સીધી રીતે દેહ તે આત્મા એમ ન કહે, દેહ ને આત્મા જુદા છે—એમ શાસ્ત્રથી સાંભળીને કહે, પણ—હું દેહને સાચવું, મારા અસ્તિત્વને લીધે દેહ ટકે, કે દેહની ક્રિયા મને ધર્મમાં મદદ કરે—એવી જેની માન્યતા છે તેને દેહમાં એકત્વબુદ્ધિ પડી જ છે; દેહમાં જ તે આત્માનું અસ્તિત્વ માની રહ્યો છે—'करे देहमें निज पिछान' દેહથી ભિન્ન પોતાનું અસ્તિત્વ તેને ભાસતું નથી.

હું ઈન્દ્રિયોથી જ્ઞાન કરું છું—એમ માનનારે જડ—ઈન્દ્રિયોને જ આત્મા માન્યો છે, ઈન્દ્રિયોથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્મા તેણે જાણ્યો નથી. જ્ઞાનને અને ઈન્દ્રિયોને કોઈ સંબંધ નથી. એક ચેતન, બીજું જડ; બંનેની ચાલ ન્યારી છે. ઈન્દ્રિયોથી જ્ઞાન માનનારે પોતાનું અસ્તિત્વ ઈન્દ્રિયોમાં માન્યું છે. જ્યાંસુધી દેહમાં એકત્વબુદ્ધિ રહે ને તેનાથી ભિન્નતા ન જાણે ત્યાંસુધી સામાયિક વગેરે કોઈ ધર્મ હોતો નથી. જ્યાં મિથ્યાત્વ છે ત્યાં સામાયિક—પ્રતિક્રમણ કેવા? શરીરને બેસાડવાની ક્રિયા મેં કરી અથવા શરીર એક કલાક બેઠું માટે મને ધર્મ થયો—એમ માને તેણે આત્માને શરીરથી જુદો નથી માન્યો, તેણે 'કાયોત્સર્ગ' નથી કર્યો પણ 'કાયાની પક્કડ' કરી છે—મમતા કરી છે. ભાઈ, દેહનાં કામ તારાં નથી. અજ્ઞાનીએ પણ દેહનાં કામ કદી નથી કર્યાં, માત્ર મિથ્યા માન્યું છે, ને તે મિથ્યાત્વ જ ઘોર દુઃખનું મૂળ છે. મિથ્યાત્વ મોટું પાપ છે, તે પાપનો ત્યાગ કર્યા વગર બીજો કોઈ ત્યાગ હોતો નથી. મિથ્યાત્વ છૂટ્યા વગર અવ્રત કે કષાય છૂટે નહિ. આ રીતે જેને દેહમાં આત્મબુદ્ધિ છે ને જાણનાર—દેખનાર સ્વભાવને જાણતો નથી તે જીવ મિથ્યાત્વને લીધે 'भ्रमत भरत दुःख जन्ममर्ण' જન્મ-મરણનાં ઘણાં દુઃખો ભોગવે છે; તે મિથ્યાત્વના ત્યાગ વગર દુઃખ મટે નહિ ને સુખ થાય નહિ. આ રીતે મિથ્યાત્વને મહાદુઃખદાયક જાણીને છોડવું જોઈએ. (ક્રમશઃ) ❋

સુદૃષ્ટિ એ રીત આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ૨૦૦.



# અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

## સ્વાનુભવદશાનો મહિમા અને વચ્ચેના બાધકભાવનું વર્ણન

નિર્વિકલ્પ શુદ્ધ ઉપયોગ અને વિકલ્પ—તે બન્નેની વાત કરવી છે તેથી અહીં એમ કહ્યું કે ''તને બીજી એક વાત કહું છું.'' આત્માની નિર્વિકલ્પ અનુભવદશાની તો વાત કરી, પણ વચ્ચે સમ્યક્ સવિકલ્પદશામાં જ્ઞાન-દર્શન તો નિર્મળ હોવા છતાં અસ્થિરતાથી રાગ અને વિકલ્પ આવે છે. તે પરાવલંબી, અશુદ્ધ અને ચંચળ છે. ચૈતન્યના અનુભવમાંથી ખસીને ભક્તિ વગેરેનો રાગ થાય તે પણ મોક્ષનો પંથ નથી. પણ સમ્યગ્દષ્ટિને તે વખતે અંતરમાં શ્રદ્ધા-જ્ઞાન શુદ્ધ છે, તે મોક્ષનો પંથ છે રાગ તો પરાવલંબી-અશુદ્ધ-મેલો-ચંચલ-પર સમયરૂપ અને દુઃખ છે, તે મોક્ષનો રાહ નથી. નિર્વિકલ્પ શ્રદ્ધા-જ્ઞાન-રમણતા થયાં તે તો સ્વસમય સુખરૂપ ભાવ છે અને વચ્ચે રાગ વિકલ્પ થાય તે ચંચળતા પરસમય છે, દુઃખ છે. પૂર્ણ સ્વાવલંબી ભાવ થતાં વીતરાગતા થઈ જાય છે. અધૂરી દશામાં વચ્ચે સમ્યગ્દષ્ટિને રાગ થાય છે, પણ તે વખતે તેનાં શ્રદ્ધા-જ્ઞાનમાં નિર્મળતા છે. પહેલાં યથાર્થ વાત શ્રવણ કરીને, રુચિ પણ ન કરે તો તેને આવો અનુભવ થાય નહિ. ''સમ્યક્ સવિકલ્પદશા'' એટલે કે રાગ થવા છતાં અંતરમાં આત્માનું ભાન છે. તે રાગથી ધર્મ માનતો નથી, તેની વાત છે, પણ જે રાગથી ધર્મ માને છે તે તો મિથ્યાદષ્ટિ છે.

અંતરની અવલોકનદશાની જાત જ જુદી છે, માટે કહે છે કે હે ભવ્ય! તું આ વાત સાંભળ! ચિદાનંદ વસ્તુમાં રુચિ, જ્ઞાન ને રમણતા તે તો શુદ્ધોપયોગ છે—ને તે તો સ્વસમય, સુખ તથા મોક્ષનો રાહ છે. તે સાધકપણામાં વચ્ચે બાધકપણું પણ છે. તેથી તેની વાત પણ સમજાવી છે. વચ્ચે રાગ થાય તે ભાવ ચંચળ છે, તેથી તે સવિકલ્પદશા, દુઃખરૂપ છે. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝૂલતા સંતને પણ છઠ્ઠા ગુણસ્થાને શુભવિકલ્પ ઊઠે તે દુઃખરૂપ છે. તેમાં આકુળતા છે. સમ્યગ્દષ્ટિ સંતો પોતે તે રાગને આકુળતારૂપ અને દુઃખરૂપ જાણે છે. તે રાગમાં તૃષ્ણાને લીધે ચંચળતા છે. અંતરની સ્વાનુભવદશા તો શાંત-નિરાકુળરૂપ છે. સમ્યગ્દર્શનના આઠ વ્યવહાર-આચારનો ભાવ, જ્ઞાનના આઠ વ્યવહાર-

> અણુમાત્ર પણ રાગાદિનો સદ્‌ભાવ વર્તે જેહને,
> તે સર્વઆગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ૨૦૧.

આચારનો ભાવ, કે તેર પ્રકારના વ્યવહાર ચારિત્રનો ભાવ ઊઠે તે બધા ચંચળભાવો છે. પુણ્ય-પાપનો ક્લાપ છે. વળી સ્વરૂપના આનંદની લીનતામાંથી છૂટીને વચ્ચે જેટલી રાગની વૃત્તિ ઊઠે છે તેમાં ઉદ્વેગતા છે. તે અસંતોષરૂપ છે એ પ્રમાણે સાધકપણાની સાથે જે સાધકભાવ છે. તેનું પણ જ્ઞાન કરાવ્યું. આત્માના અનુભવ તરફનો જે ભાવ છે, તેમાં શાંતિ અને સંતોષ છે ને પર તરફના ભાવમાં દુઃખ અને અસંતોષ છે. એ પ્રમાણે તે બધો પરાશ્રિત રાગભાવ વિલાપરૂપ છે, શુભાશુભ લાગણી ઊઠે તે બધી વિલાપરૂપ છે. તેમાં આનંદ નથી. ચૈતન્યના અનુભવમાં જ શાંતિ છે, તેમાં જ સંતોષ છે અને તે જ ધર્મ છે.

એ રીતે સમ્યગ્દષ્ટિના ચારિત્ર પરિણામની બન્ને અવસ્થા બતાવીને હવે તેનો સાર કહે છે. નિર્વિકલ્પ સ્વાનુભવદશામાં સુખ છે, ને વચ્ચે વિકલ્પની વૃત્તિ ઊઠે તે દુઃખ છે. એમ જાણીને હે ભવ્ય! તું સ્વાનુભવરૂપ રહેવાનો ઉદ્યમ કર! ચારિત્રની સ્થિરતાના પરિણામ તથા અસ્થિરતાના પરિણામ એ બન્ને અવસ્થા તારામાં જ છે, એ બન્નેને જાણીને સ્વાનુભવરૂપ રહેવાનો તું ઉદ્યમ કર! બન્ને અવસ્થા પોતાના જ પરિણામથી થાય છે, કોઈ પરના કારણે થતી નથી. માટે હે ભવ્ય! તારે માટે ભલું એ છે કે જ્ઞાનાનંદમાં સ્થિર રહેવાનો પ્રયત્ન કર્યા કર. રાગ આવે તેનો પ્રયત્ન કરવાનું ન કહ્યું પણ સ્વાનુભવમાં રહેવાનો જ પ્રયત્ન કરવાનું કહ્યું છે. જ્ઞાનસ્વરૂપ વસ્તુને પકડીને તેમાં એકાગ્રતાનો ઉદ્યમ રાખ્યા કરો. આ પ્રમાણે અમારા વચન વ્યવહારથી ઉપદેશ છે.

ગુણસ્થાન અનુસાર જેટલી જેટલી શુદ્ધતા વધે છે તેટલો તેટલો સુખનો અનુભવ વધે છે અને તે પ્રમાણે સ્વાનુભવ વધતાં વધતાં કષાય ટળતાં ટળતાં બારમાં ગુણસ્થાન સુધી સ્થિરતા વધી અને ત્યાં મતિ-શ્રુતજ્ઞાનાવરણના ક્ષયોપશમથી સ્વસંવેદન વધે છે. એ પ્રમાણે સ્વસંવેદન સ્થિરતા વડે જે રસાસ્વાદનો અનુભવ ઊપજ્યો તે જ અનંત સુખનું મૂળ છે. બાકી રાગાદિ ભાવો તે બધા દુઃખમય છે.

જેને આવા સ્વાનુભવની મૂસળધાર ધારા જાગી તેને બહારમાં ગમે તેવી પ્રતિકૂળતાના ગંજ હોય તોપણ દુઃખદાવાનળનો રંચ પણ થતો નથી. ભવવાસરૂપી જે મોટા ઘનઘોર વાદળ તેને વિખેરી નાખવા માટે મુનિજનો આ સ્વાનુભવને પરમ પ્રચંડ પવન કહે છે. વીતરાગી સંતમુનિઓ આ સ્વાનુભવને જ ભવવાસ મટાડવાનો ઉપાય કહે છે. વીતરાગમૂર્તિ આત્માનો સ્વાનુભવ કરવો તે જ ભવના નાશનો પ્રચંડ ઉપાય છે. અને અત્યાર સુધી અનંત અનંત સંતમુનિઓ આવા સ્વાનુભવરૂપી સુધાનું પાન કરી કરીને જ

નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો ? ૨૦૨.

અજર-અમર થયા છે. મહાવિદેહમાં સંતો અત્યારે આવો સ્વાનુભવ પી-પીને મુક્તિ પામી રહ્યા છે. અનુભવરસના પ્યાલા પીને સંતો અજર-અમર મોક્ષપદને સાધી રહ્યા છે. કેવળજ્ઞાનદશા, મુનિદશા, સાચી શ્રાવકદશા કે સમ્યગ્દષ્ટિ દશા—તે બધી પૂજ્યદશા આત્માના અનુભવથી જ થાય છે. તે અનુભવ વિના સર્વે વેદ-પુરાણ પણ નિષ્ફળ છે. સર્વજ્ઞના શ્રીમુખથી નીકળેલાં શાસ્ત્રો વાંચે, પણ આત્માના અનુભવ વિના તે સર્વે નિરર્થક છે. સ્મૃતિ તે વિસ્મૃતિ છે.

ઘણાં વર્ષની વાત યાદ આવે તેનો મહિમા નથી. ચૈતન્ય-સ્વભાવના અનુભવ વિના યાદ આવ્યું તે બધું નિરર્થક છે. અહો! શાંતરસથી ભરેલો આત્મપદાર્થ છે, તેના અનુભવ વિના બીજી પરની ગમે તે વાત યાદ આવે તે બધી સ્મૃતિ પણ વિસ્મૃતિ છે, કેમકે પોતાનું તો વિસ્મરણ જ છે.

વળી ચિદાનંદ આત્માના સ્વાનુભવ વગરના શાસ્ત્રાર્થ પણ વ્યર્થ છે. શાસ્ત્રના અર્થો કરીને મોટા વાદ-વિવાદમાં જીતે તે બધું પણ આત્માના અનુભવ વગર વ્યર્થ છે, અને પૂજા તે મોહભજન છે. સર્વજ્ઞની પૂજા કરીને તે રાગમાં ધર્મ માન્યો તેણે મોહનું ભજન કર્યું. આત્મા રાગરહિત છે તેના અનુભવ વિના વેદ-પુરાણ, સ્મૃતિ ને શાસ્ત્રાર્થ તે બધું વ્યર્થ છે. ચૈતન્યના ભજન વિના એકલા પરનું ભજન તે મોહ છે.

ચૈતન્યના અનુભવ વગર, બહારનાં નિર્વિઘ્ન કાર્યો તે પણ વિઘ્ન જ છે. પોતે પોતામાં સ્વાનુભવથી નિર્વિઘ્નપણું પ્રગટ ન કર્યું તેને પાછાં પાપ બંધાશે ને સંસારમાં વિઘ્ન આવશે. માટે આત્માનો યથાર્થ સ્વાનુભવ કરવો તે જ નિર્વિઘ્ન કાર્ય છે. હજી સ્વાનુભવનો વિશેષ મહિમા કહેવાશે. (ક્રમશઃ) ❋

● પ્રશ્ન :—આત્મા જાણવાની કોશિશ કરીએ છીએ છતાં જાણવામાં કેમ નથી આવતો ?

ઉત્તર :—સાચી કોશિશ કરી નથી. કોશિશ ઊંધી કરે છે. પુણ્યમાં એકતા કરે છે. રાગમાં એકતા કરી લાભ માને છે. વ્રતાદિમાં લાભ માની અભિમાન કરે છે. એ બધી વિપરીતબુદ્ધિ છોડીને જ્ઞાયકમૂર્તિ આત્માની સન્મુખ દેખે ત્યારે આત્મા જાણવામાં આવે છે.

જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,<br>
સ્થિર, નિયત, એક જ ભાવ જેહ સ્વભાવરૂપ ઉપલભ્ય આ. ૨૦૩.

શ્રીમદ્ ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

## દ્વાદશ–અનુપ્રેક્ષા (બારસ અણુવેક્ખા)

### નિર્જરાનુપ્રેક્ષા

बंधपदेसग्गलणं णिज्जरणं इदि जिणेहि पण्णत्तं ।
जेण हवे संवरणं तेण दु णिज्जरणमिदि जाण ।।६६।।

બંધાયેલા કર્મપ્રદેશોનું ગળવું (ખરવું) નિર્જરા છે એમ જિનેન્દ્રભગવાને કહ્યું છે. જે કારણે સંવર થાય છે તે જ કારણે નિર્જરા થાય છે. ૬૬.

सा पुण दुविहा णेया सकालपक्का तवेण कयमाणा ।
चदुगदियाणं पढमा वयजुत्ताणं हवे विदिया ।।६७।।

વળી તે નિર્જરા બે પ્રકારની જાણવી જોઈએ–એક પોતાનો ઉદયકાળ આવ્યેથી કર્મોનું પોતાની મેળે પાકીને ખરી જવું અને બીજી તપ દ્વારા થયેલી. તેમાં પહેલી નિર્જરા તો ચારેય ગતિઓના જીવોને હોય છે અને બીજી નિર્જરા વ્રતી જીવોને હોય છે. ૬૭.

### ધર્માનુપ્રેક્ષા

एयारसदसमेयं धम्मं सम्मत्तपुव्वयं भणियं ।
सागारणगाराणं उत्तमसुहसंपजुत्तेहिं ।।६८।।

જિનેન્દ્રભગવાને કહ્યું છે કે ઉત્તમ સુખથી સમ્પન્ન ગૃહસ્થો તથા મુનિઓનો ધર્મ ક્રમથી અગ્યાર અને દશ ભેદોથી યુક્ત છે તથા તે સમ્યગ્દર્શનપૂર્વક હોય છે.

ભાવાર્થ :–આત્માની નિર્મળ પરિણતિને ધર્મ કહે છે. તે ધર્મ ગૃહસ્થ અને મુનિના ભેદથી બે પ્રકારનો હોય છે. ગૃહસ્થધર્મના દર્શનપ્રતિમા આદિ અગ્યાર ભેદ છે અને મુનિધર્મના ઉત્તમ ક્ષમા આદિ દશ ભેદ છે. એ બન્ને પ્રકારના ધર્મોમાં પ્રથમ સમ્યગ્દર્શન હોવું આવશ્યક છે તે વગર ધર્મનો પ્રારંભ થતો નથી. ૬૮.

दंसणवयसामाइयपौसहसच्चित्तरायभत्ते य ।
वम्हारंभपरिग्गह अणुमणमुद्दिट्ठ देसविरदेदे ।।६९।।

દર્શન, વ્રત, સામાયિક, પ્રૌષધ, સચિત્તત્યાગ, રાત્રિભોજનત્યાગ, બ્રહ્મચર્ય, આરંભત્યાગ, પરિગ્રહત્યાગ, અનુમતિ-ત્યાગ અને ઉદ્દિષ્ટત્યાગ–એ અગ્યાર દેશવિરત અર્થાત્ ગૃહસ્થધર્મના ભેદો છે. ૬૯.

(ક્રમશઃ) ❊





## જૈન એટલે જિનદેવનો ઉપાસક,
## તે કુદેવને કદી સેવે નહીં

ધર્મી જીવ વીતરાગ સર્વજ્ઞદેવને અને તેમના કહેલા જૈનમાર્ગને જ ઉપાસે છે; કુદેવાદિને સ્વપ્ને પણ ઉપાસતો નથી. અરે ભાઈ ! જૈન થઈને તું તારા ભગવાનને પણ ન ઓળખ, ને બીજાને માન, તો તું જૈન શેનો ? જૈન પોતાના સર્વજ્ઞ-વીતરાગ-અરિહંત અને સિદ્ધ ભગવાન સિવાય બીજાને તો, માથું જાય તોપણ દેવ તરીકે માને નહિ. જેને પોતાના હિત-અહિતનો વિચાર નથી, સ્વ-પરની ભિન્નતાનું ભાન નથી, સર્વજ્ઞદેવ તથા કુદેવ વચ્ચેનો વિવેક નથી, એવા મિથ્યાદૃષ્ટિ જીવો પોતે અંધ છે, સાચો માર્ગ તેમણે જોયો નથી, તો બીજાને તેઓ સાચો માર્ગ ક્યાંથી બતાવી શકે ? અને એવા અંધને અનુસરનારા જીવો સાચો માર્ગ ક્યાંથી પામી શકે ? જેણે પોતે કદી માર્ગ દેખ્યો નથી એવો આંધળો બીજા આંધળાને કહે કે તું આ માર્ગે આવ ! એની જેમ મિથ્યાદૃષ્ટિજીવ—કે જેણે કદી આત્મા જાણ્યો નથી, મોક્ષમાર્ગ દેખ્યો નથી, સમ્યગ્જ્ઞાનચક્ષુ જેને ઉઘડ્યા નથી એવા અંધ જીવે બતાવેલા માર્ગથી અજ્ઞાનીઓ મોક્ષનો સાચો માર્ગ કઈ રીતે પામશે ? રાગથી ધર્મ મનાવે, શરીરની જડક્રિયાને આત્માની મનાવે,—એ તો બધી વાત આંધળાએ બતાવેલા માર્ગ જેવી મિથ્યા છે, ને તે સંસારના કુવામાં પાડનારી છે. જેઓ સર્વજ્ઞ પરમાત્માને ઓળખતા નથી, આત્મા શું તે જાણતા નથી—એવા મિથ્યાદૃષ્ટિ જીવોએ બતાવેલા કુમાર્ગને હે ભવ્ય ! તું માનીશ નહિ, એ માર્ગે જઈશ નહિ. સર્વજ્ઞના માર્ગને ઓળખીને ભક્તિથી તેનું સેવન કરજે. સર્વજ્ઞદેવના માર્ગને ઓળખીને સ્વ-પરનો વિવેક કરવો, અને સ્વતત્ત્વનો પરિચય તથા અનુભવ કરવો, તે દરેક જૈન-શ્રાવકનું કર્તવ્ય છે.



# પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—લોક છ દ્રવ્યસ્વરૂપ છે, તેમાં જીવ સપ્તમ દ્રવ્ય થઈ જાય છે?**

ઉત્તર :—લોક છે તો છ દ્રવ્યસ્વરૂપ જ, પણ તે જ્ઞેય હોવાથી વ્યક્ત છે અને તેને જાણનાર જીવ તેનાથી ભિન્ન છે તેથી તે અપેક્ષાએ તેને સપ્તમ દ્રવ્ય કહ્યું છે.

**પ્રશ્ન :—આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે કે તે દ્રવ્યને લક્ષમાં લેનારી પર્યાયનો મહિમા વિશેષ છે?**

ઉત્તર :—આત્મદ્રવ્યનો મહિમા વિશેષ છે. પર્યાય દ્રવ્યનું લક્ષ કરે ત્યારે મોક્ષમાર્ગની શરૂઆત થાય છે તે અપેક્ષાએ પર્યાયનો મહિમા કહેવાય, પણ પર્યાય તો એક સમયની છે અને દ્રવ્ય તો પર્યાયથી અનંત અનંત ગુણા સામર્થ્યવાળું ત્રિકાળી મહાપ્રભુ છે, તેથી દ્રવ્યનો મહિમા જ વિશેષ છે.

**પ્રશ્ન :—નિયમસારમાં સંવર–નિર્જરા–મોક્ષતત્ત્વને પણ સારરૂપ નથી કહ્યું, તેમાં શું રહસ્ય છે?**

ઉત્તર :—આત્મા જ એક સર્વ તત્ત્વોમાં સારરૂપ છે. સંવર, નિર્જરા ને મોક્ષ ઉત્પન્ન કરવાની અપેક્ષાએ હિતરૂપ અને સારરૂપ કહેવાય છે તેને પણ અહીં નિયમસારમાં સારરૂપ કહેતા નથી. કેમ કે તે પર્યાય છે, નાશવાન છે, ક્ષણિક છે અને આત્મા તો અવિનાશી ધ્રુવ હોવાથી સારરૂપ છે. સંવરાદિ તત્ત્વો તો નાશ પામવા યોગ્ય ભાવ છે તેનાથી અવિનાશી ભગવાન આત્મા દૂર છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર-વીર્ય આદિ ભાવો-પર્યાયો વિનાશીક હોવાથી સારરૂપ નથી. અવિનાશી ભગવાન આત્મા સારરૂપ હોવાથી વિનાશીક ભાવોથી દૂર છે. આહાહા ! પર્યાયની સમીપ ધ્રુવ ભગવાન પડ્યો છે તે જ એક સારરૂપ હોવાથી દૃષ્ટિમાં લેવા યોગ્ય છે અને બીજું બધું અસારરૂપ છે.

**પ્રશ્ન :—ઉપયોગ લક્ષણ કોનું છે? તેને કોનું અવલંબન છે–કોના અવલંબનથી પ્રગટ થાય છે? તે ઉપયોગની અસ્તિ ક્યા કારણથી છે અને ક્યા કારણથી નથી?**

**મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તેહ પદ એક જ ખરે,**
**આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ લહે. ૨૦૪.**

ઉત્તર :—ઉપયોગ આત્માનું લક્ષણ છે, તેને જ્ઞેય પદાર્થોનું આલંબન નથી. આત્માના આલંબનથી ઉપયોગ પ્રગટ થાય છે, બાહ્ય પદાર્થોના આલંબનથી ઉપયોગ પ્રગટ થતો નથી. આત્માને તો પર પદાર્થોનું આલંબન નથી પણ તેના ઉપયોગને પણ બાહ્ય પદાર્થોનું આલંબન નથી. ઉપયોગ લક્ષણને લક્ષ્ય એવા આત્માનું આલંબન છે. પરપદાર્થોના આલંબનથી એટલે કે દેવ-ગુરુ જિનવાણીના આલંબનથી આત્માનો ઉપયોગ પ્રગટ થતો નથી પણ સ્વના આલંબનથી જ ઉપયોગ પ્રગટ થાય છે. ઉપયોગની અસ્તિ જ્ઞેય પદાર્થોને લઈને નથી પણ તે જેનું લક્ષણ છે એવા આત્માથી અસ્તિરૂપ છે. તે ઉપયોગને પરનું આલંબન કેમ હોય? ઘણું વાંચે, ઘણું સાંભળે માટે શુદ્ધિની વૃદ્ધિ થાય છે એમ નથી પણ શુદ્ધિની વૃદ્ધિ આત્માના આલંબને થાય છે.

**પ્રશ્ન :—સીમંધરનો અર્થ શું છે? શું આત્મા સીમંધર છે?**

ઉત્તર :—સીમંધર એટલે વસ્તુ મર્યાદાવાળી છે. પ્રભુ તું મર્યાદિત છો, તારી સીમા તારી મર્યાદા એ છે કે તું રાગમાં ન જાય, રાગને ન કરે, તેથી મર્યાદાનો—સીમાનો ધારક આત્મા પોતે જ સીમંધર છે.

**પ્રશ્ન :—દ્રવ્યસ્વભાવમાં વિકાર છે જ નહિ ને કારણપરમાત્માને પાપરૂપ બહાદુર શત્રુસેનાને લૂંટનારો કેમ કહ્યો?**

ઉત્તર :—એ તો પર્યાયથી વાત કરી છે. પર્યાયમાં રાગાદિભાવો છે તે સ્વભાવ સન્મુખ ઢળતા ઉત્પન્ન થતા નથી, તેનો નાશ કર્યો એમ કથનમાત્ર કહેવાય છે. દ્રવ્યસ્વભાવમાં તો રાગાદિભાવો કે સમ્યગ્દર્શન, ચારિત્ર, કેવળજ્ઞાન કે સિદ્ધ પર્યાય એ કોઈ પર્યાય દ્રવ્યસ્વભાવમાં છે જ નહિ, સંસાર-મોક્ષ એ બધી પર્યાયોની રમતું છે. દ્રવ્યસ્વભાવમાં એ પર્યાયો છે જ નહિ. ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એકરૂપ છે. એને નથી કાંઈ ગ્રહવું કે નથી કાંઈ છોડવું. જ્ઞાયકભાવ તો શાશ્વત છે જ—ત્રણ કષાયનો અભાવ કરી અતીન્દ્રિય આનંદનો સ્વાદ લેનારા દિગમ્બર સંતોએ અંતરની વાત અજબ ગજબની કરી છે. આવી વાત દિગમ્બર સંતો સિવાય ભરતક્ષેત્રમાં બીજે ક્યાંય નથી. એ દિગંબર સંતો કહે છે કે બધા જીવો સુખી થાવ. કોઈ જીવ દુઃખી ન થાવ, બધાય જીવો મુક્ત દશાને પામો ! દરેક આત્માઓ મુક્ત સ્વભાવી જ છે. જેમ ચોખા અને કળથીને ઉત્પન્ન થવાની જમીન જુદી હોય છે. તેમ ચોખ્ખો એટલે મુક્ત ઉત્પન્ન થવાનું સ્થાન ચોખ્ખું એટલે મુક્ત સ્વરૂપથી જ છે. તેના આશ્રયથી મુક્તિ ઉત્પન્ન થાય છે.

**બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;**
**રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ૨૦૫.**



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

*પ્રશ્ન :*—આપને તો નાળિયેરના ગોળાની જેમ ચૈતન્ય ગોળો છૂટો પડી ગયો છે અને અમને તો એકત્વબુદ્ધિ થઈ રહી છે તેનું શું કરવું?

**સમાધાન :**—છૂટા પડવાનો પ્રયત્ન કરવો. બધાંએ એક જ કરવાનું છે—ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારાની રુચિ હોય તો ન્યારા થવાનો પ્રયત્ન કરવો. ન્યારો જે આત્મા છે તેમાં જ્ઞાન આનંદ છે. પર સાથે એકતાબુદ્ધિ હોય તો ન્યારા થવાની રુચિ કરવી, ન્યારા થવાનો પ્રયત્ન કરવો. આ એક જ કરવાનું છે. પોતે જ એકત્વબુદ્ધિ કરી રહ્યો છે ને ન્યારો પણ પોતે જ થઈ શકે છે. જન્મ-મરણ કરનારો પોતે જ છે, ને મોક્ષ જનારો પણ પોતે જ છે. પોતે સ્વતંત્ર છે. અનાદિના બહારના અભ્યાસમાં પોતે ક્યાંક ને ક્યાંક રોકાઈ ગયો છે, જો ચૈતન્યનો ગાઢ અભ્યાસ કરે તો છૂટા પડ્યા વગર રહેતો નથી. પરનું કર્તૃત્વ સહજ થઈ ગયું છે અને પોતે આત્મા હોવા છતાં પોતાનું કાર્ય કરવું દુષ્કર થઈ ગયું છે, તે બીજું કોણ કરે? પોતે સહજ કરવાનો પ્રયત્ન કરે તો થાય.

*પ્રશ્ન :*—રુચિ કરવામાં કોઈ મદદ ન કરી શકે?

**સમાધાન :**—રુચિ તો પોતાને જ કરવાની રહે છે. રુચિ કરવી પોતાના હાથની વાત છે. રુચિ કોઈ કરાવી દેતું નથી. ગુરુદેવ માર્ગ બતાવે કે ચૈતન્ય આ છે, સુખ આત્મામાં છે, બહાર નથી. ગુરુદેવ કહે છે કે અમે તને બતાવીએ છીએ કે આત્મા અનુપમ છે. તેની રુચિ તું કર. આ દુઃખ છે, આ સુખ છે. જો તારે સુખ જોઈતું હોય તો આત્માની રુચિ કર અને તારે પરિભ્રમણ કરવું હોય ને રુચિ ન કરવી હોય તો તે પણ તારા હાથની વાત છે. તારે જો આત્મામાંથી સુખ પ્રગટ કરવું હોય તો તેની રુચિ કર. સમજણપૂર્વક તે માર્ગે રુચિ કરીને જા, તો તને માર્ગ સુગમ—સરળ થશે. રુચિ સાથે સમજણ ભેગી આવે છે. સમજણપૂર્વક રુચિ કર.

*પ્રશ્ન :*—જો સ્વભાવની મહિમા આવે તો અનુભવ થાય. પણ અમ જેવા અજ્ઞાનીએ સ્વભાવ તો જોયો નથી, માટે આત્માનું માહાત્મ્ય કેવી રીતે આવે તે

આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત, તુજને સુખ અહો! ઉત્તમ થશે. ૨૦૬.

વિસ્તારથી સમજાવશોજી.

**સમાધાન** :—સ્વભાવ જોયો નથી પણ વિચારથી નક્કી કરી શકે છે. આત્મા તરફ રુચિ રહે, બહારમાં ક્યાંય રુચિ કે શાંતિ લાગે નહિ—આકુળતા લાગે; દરેક વિચારમાં પણ ઊંડો ઊતરીને જોવે તો તે આકુળતાસ્વરૂપ લાગે તેથી આનંદસ્વરૂપ શું છે? આ બધું આકુળતાસ્વરૂપ છે તો આનંદ કયા તત્ત્વમાં છે?— એમ આનંદની એકદમ શોધ કરે; વળી આ બધા પદાર્થો ક્ષણે ક્ષણે પલટાય છે તો શાશ્વત એવું દ્રવ્ય શું છે કે જેમાં આનંદ ભરેલો છે? અનંત જ્ઞાન ભરેલું દ્રવ્ય કેવું છે?— એ રીતે તે તરફના અંતરમાં વારંવાર વિચાર કરે તો સ્વભાવને ઓળખે. બહારનું આ બધું તો લૂખું છે, તેમાં ક્યાંય સંતોષ કે શાંતિ નથી. પણ એક ચૈતન્યતત્ત્વ જ એવું છે કે જેમાં અનંત શાંતિ-સુખ-આનંદ ને અપૂર્વતા ભરેલી છે.—આમ આત્માને સ્વભાવથી ઓળખવો.

દેવ—ગુરુ સ્વાનુભવ કરીને કહી રહ્યા છે કે અનંતકાળથી નથી પ્રગટ્યું એવું કોઈ અનુપમ તત્ત્વ તારામાં છે. આ વાતનો પોતે વિચાર કરી પોતાના સ્વભાવ સાથે મેળવે અને નક્કી કરે કે મારું અપૂર્વ તત્ત્વ કોઈ જુદું જ છે, અને પરિણતિ અંતરમાં જાય તો અનુભવ થઈ શકે એવું છે.

ગુરુદેવની વાણી પાછળ અપૂર્વતા હતી. તેઓ આત્માની અપૂર્વતા, આત્માનો ચમત્કાર, આત્માની મહિમા બતાવતા હતા. તે વાતને પોતે અંતરમાં પોતાના સ્વભાવ સાથે મેળવીને, મને નથી દેખાતો તોપણ આત્મા મહિમારૂપ છે એમ નક્કી કરવું. પોતે વિચાર કરીને તેમ જ શાસ્ત્ર દ્વારા, ગુરુની વાણી દ્વારા ને યુક્તિથી અંતર ચૈતન્યનો સ્વભાવ ઓળખીને નક્કી કરે. જે સ્વભાવ હોય તે અમર્યાદિત હોય, વળી જે આનંદને ઈચ્છી રહ્યો છે તે તત્ત્વમાં અનંત ને અપૂર્વ આનંદ ભરેલો હોવો જોઈએ તથા આનંદ કોઈ બીજાના આશ્રયે ન થાય—સ્વયંથી થાય. આમ અંતરમાં પોતે મેળવીને નક્કી કરે, મહિમા લાવે ને તે બાજુનો પુરુષાર્થ કરે તે આત્માનું માહાત્મ્ય લાવવાનો ઉપાય છે.


***પ્રશ્ન*** :—જ્ઞાનીની મુદ્રાનું નિદિધ્યાસન કરવાથી જ્ઞાની ઓળખી શકાય છે?

**સમાધાન** :—સત્ પુરુષની મુદ્રા દ્વારા તેનો આત્મા શું કરી રહ્યો છે તે ઓળખી શકાય છે, પણ પોતાની પાત્રતાની એટલી તૈયારી હોવી જોઈએ ને? મને અંતરમાં સત્ સ્વરૂપ કેમ પ્રગટે? તેવી સત્ ની જિજ્ઞાસા જેને જાગે છે તે, જેને સત્ પ્રગટ થયું છે તેવા સત્પુરુષને વાણી દ્વારા, મુદ્રા દ્વારા ઓળખી શકે છે, પરંતુ તેને પોતાને જ્ઞાનીને ઓળખવાની તૈયારી હોવી જોઈએ. સત્ તરફની રુચિ હોય તો જ્ઞાની શું કરે છે તે પણ મુદ્રા દ્વારા ઓળખી શકે છે.

## બાળ વિભાગ

# વિચિત્ર હોનહાર

રામ-લક્ષ્મણનો રાજ્યાભિષેક થયા બાદ રામે નાનાભાઈ શત્રુઘ્નને કહ્યું તમને પસંદ હોય તે દેશ લઈ લ્યો, ત્યારે શુત્રુઘ્ને મથુરાનું રાજ્ય માગ્યું. તે સમયે મથુરામાં મધુનું રાજ્ય હતું તેની પાસે ચમરેન્દ્રકૃત ત્રિશૂલરત્ન હતું. રામે શત્રુઘ્નને કહ્યું કે જ્યારે મધુ પાસે ત્રિશૂલ રત્ન ન હોય ત્યારે યુદ્ધ કરજો. મધુ જ્યારે ભોગવિલાસમાં નગરની બહાર હતો ત્યારે શત્રુઘ્ને મથુરા પર કબજો કરી લીધો. રાજા મધુનું શત્રુઘ્ન સાથે યુદ્ધ થયું તેમાં તેનો પુત્રનું મૃત્યુ થયું અને પોતાને ત્રિશૂલરત્ન રહિત જાણી હાથી પર બેઠા બેઠા મુનિ થવાની ભાવના ભાવવા લાગ્યા. હવે આગળ..



મધુરાજાએ વીરરસ છોડીને શાંતરસ અંગીકાર કરી લીધો અને મહા ધૈર્યપૂર્વક અધ્યાત્મ યોગમાં આરૂઢ થઈને દેહનું મમત્વ છોડી દીધું... દિગમ્બર દીક્ષા ધારણ કરવાની ઘોષણા કરી સંસારની અસારતાને મન-વચન-કાયાપૂર્વક વિચાર કરવા લાગ્યા. જેનું શરીર અનેક ચિરાઓથી ઘાયલ છે એવા મધુરાજા હાથીની પીઠ ઉપર બેઠા-બેઠા કેશલોંચ કરવા લાગ્યા....

મધુરાજાની આવી પરમ શાંતદશા જોઈને શત્રુઘ્ન કહેવા લાગ્યા કે—“હે મહાત્મા ! મારો અપરાધ ક્ષમા કરો.....ધન્ય છે આપના વૈરાગ્યને...” યુદ્ધના સમય પહેલા મધુરાજાનો વીરરસ અને પછી શાંતરસ જોઈને દેવો પણ આશ્ચર્ય સહિત પુષ્પવૃષ્ટિ કરવા લાગ્યા...મહાધીર મધુરાજા એક ક્ષણમાં સમાધિમરણ કરીને ત્રીજા સ્વર્ગમાં દેવ થયા અને શત્રુઘ્ને તેમની સ્તુતિ કરીને મથુરા નગરીમાં પ્રવેશ કર્યો.

રાજામધુ તો સમાધિમરણપૂર્વક દેહ ત્યાગ કરીને સ્વર્ગ ચાલ્યા ગયા અને તેના મૃત્યુના સમાચાર સાંભળીને તેમના પરમમિત્ર અસુરેન્દ્ર મહાક્રોધપૂર્વક પાતાળથી નીકળીને મથુરા આવવા તત્પર થયા.

**‘પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય’ એવું કોણ જ્ઞાની કહે અરે!**
**નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ૨૦૭.**

આ સમયે ગરુડેન્દ્ર તેમની નજીક આવ્યા અને પૂછ્યું કે—"હે દૈત્યેન્દ્ર ! ક્યાં જવા માટે તૈયારી કરી રહ્યા છો ?"

ચમરેન્દ્રે કહ્યું—"જેણે મારા પરમમિત્ર મધુને માર્યો છે, તેને કષ્ટ દેવા જઈ રહ્યો છું."

ત્યારે ગરુડેન્દ્રે કહ્યું—"શું તમને વિશલ્યાના પ્રભાવની ખબર નથી ? યુદ્ધમાં જ્યારે રાવણની અમોઘ શક્તિથી લક્ષ્મણજી મૂર્છિત થઈ ગયા હતા, ત્યારે વિશલ્યાના સ્નાનના જળના પ્રભાવથી જ તે અમોઘશક્તિ ભાગી ગઈ હતી, શું તમે આ સાંભળ્યું નથી ?" (વિશલ્યા લક્ષ્મણજીની પટરાણી હતા.)

ચમરેન્દ્ર બોલ્યા—"વિશલ્યાની તે અદ્‌ભુત શક્તિ કુમારાવસ્થામાં જ હતી, આ સમયે તો તે વિષરહિત નાગણી સમાન થઈ ગઈ છે. જ્યાં સુધી તેણે વાસુદેવનો આશ્રય નહોતો કર્યો ત્યાં સુધી તેનામાં બ્રહ્મચર્યના પ્રસાદથી અસાધારણ શક્તિ હતી, જોકે આ સમયે તેઓ પવિત્ર છે, પરંતુ બ્રહ્મચારિણી નથી, માટે હવે તેમનામાં તે શક્તિ રહી નથી. હું મારા મિત્ર મધુ રાજાના શત્રુથી અવશ્ય બદલો લઈશ."—એમ કહીને તે ચમરેન્દ્રે મથુરા તરફ ગમન કર્યું.

મથુરા આવીને જોયું તો અહીં તો જગ્યા-જગ્યાએ ઉત્સવ મનાવાઈ રહ્યો છે...જેવો ઉત્સવ રાજા મધુના સમયમાં થતો હતો, આ સમયે પણ નગરજનો તેમ જ મનાવી રહ્યા છે. આ જોઈ ચમરેન્દ્રે વિચાર કર્યો કે—

અરે ! આ પ્રજાજન મહાદુષ્ટ અને કૃતઘ્ની છે. નગરનો સ્વામી પુત્ર સહિત મૃત્યુને પામ્યો અને બીજા રાજાઓ તેના રાજ્ય ઉપર અધિકાર કરી લીધો, તોપણ તેમને શોક નથી, પણ ખુશી મનાવી રહ્યા છે. જેમની છત્રછાયામાં તેઓ આટલા વર્ષ સુધી સુખી રહ્યા, તે મધુ રાજાની મૃત્યુથી આ લોકોને દુઃખ કેમ થતું નથી ? લાગે છે કે આ લોકો કૃતઘ્ની અને મૂર્ખ છે, માટે તેનો નાશ કરી દઈશ, હમણા તત્કાળ સમસ્ત મથુરા નગરીને નષ્ટ કરું છું.



—આ પ્રમાણે અસુરેન્દ્રે મહાક્રોધપૂર્વક નગરની પ્રજા ઉપર ઉપસર્ગ કરવા લાગ્યા. આખા નગરમાં ભયંકર મરકી નામનો રોગ ફેલાઈ ગયો..

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૦ ઉપર)

પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ૨૦૮.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૩૦ થી ૬-૫૦ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૫મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૩૦ થી ૮-૩૦ : | શ્રી નાટક સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD પ્રવચન |

### ✻ શ્રી સીમંધરસ્વામી જિનમંદિરનો ૮૩મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ ✻

સુવર્ણપુરીના શ્રી સીમંધરસ્વામી દિગંબર જિનમંદિરનો ૮૩મો વાર્ષિક અષ્ટાહ્નિક મહોત્સવ મહાવદ-૯ તા. ૧૪-૨-૨૦૨૩, મંગળવારથી તા. ૨૧-૨-૨૦૨૩ ને મંગળવાર ફાગણ સુદ-૨ સુધી શ્રી વીસ વિહરમાન જિન મંડલ વિધાન, જિનેન્દ્ર ભક્તિ તથા તત્ત્વજ્ઞાનની ઉપાસના આદિ તથા વિભિન્ન કાર્યક્રમપૂર્વક સહ ઉજવવામાં આવશે.

### ✻ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો સમ્યક્ત્વજયંતી મહોત્સવની મંગલ પત્રિકા લેખનવિધિ ✻

પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ૯૧મો સમ્યક્ત્વજયંતી મહોત્સવ શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ (મુંબઈ) દ્વારા ઊજવવામાં આવનાર છે. આ મહોત્સવની પત્રિકા લેખનવિધિ મહા સુદ-પૂનમ, તા. ૫-૨-૨૦૨૩, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે. તો મંગલ અવસરે સર્વે મુમુક્ષુઓને પધારવા ભાવભર્યું આમંત્રણ છે.

**✻ શ્રી પંચમેરુ–નંદીશ્વર જિનાલય વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયનો ૩૯મો વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ ફાગણ સુદ ૩, બુધવાર, તા. ૨૨-૨-૨૦૨૩ થી ૨૬-૨-૨૦૨૩ રવિવાર સુધી આનંદોલ્લાસ સહ શ્રી પંચકલ્યાણક વિધાન તથા પૂજાભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

**✻ ફાલ્ગુની નંદીશ્વર–અષ્ટાહ્નિકા** : ફાગણ માસની નંદીશ્વર-અષ્ટાહ્નિકા, સુવર્ણપુરીના શ્રી પંચમેરુ-નંદીશ્વર જિનાલયમાં તા. ૨૭-૨-૨૦૨૩, સોમવારથી તા. ૭-૩-૨૦૨૩ મંગળવાર સુધી શ્રી પંચમેરુ-નંદીશ્વર વિધાનપૂજા તથા ભક્તિ વગેરે કાર્યક્રમ સહ ઊજવવામાં આવશે.

**✻ શ્રી પરમાગમમંદિર વાર્ષિક પ્રતિષ્ઠોત્સવ** : ફાગણ સુદ-૧૩, તા. ૫-૩-૨૦૨૩, રવિવારના દિવસે શ્રી પરમાગમમંદિરનો ૫૦મો વાર્ષિક પ્રતિષ્ઠાદિન શ્રી મહાવીર-કુંદકુંદ દિગંબર જૈન પરમાગમમંદિરમાં પૂજાભક્તિના વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

**છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,**
**વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ૨૦૯.**

# SMS સ્પર્ધા-૨૦૨૩

**સૌજન્યકર્તા : નમન, નમિતા, ભાવેશ ભાયાણી, બોરીવલી**

(૧) SMS સ્પર્ધા-૨૦૨૩માં ભાગ લેવા માટે ઓછામાં ઓછા ૩૦૦ SMS સ્વહસ્તાક્ષરમાં તારીખ સાથે લખવા આવશ્યક છે. સ્પર્ધાનો સમય ૧-૧-૨૦૨૩ થી ૨૦-૧૨-૨૦૨૩

(૨) ઉપરોક્ત સમય દરમ્યાન મોકલેલા SMS માંથી ૫૦ માર્કસનું એક પ્રશ્નપત્ર કાઢવામાં આવશે. જેના જવાબો સોનગઢમાં ડિસેમ્બર-૨૦૨૩ની શિબિર વખતે પરીક્ષાખંડમાં બેસી લખવાના રહેશે.

(૩) આ સ્પર્ધાની લેખિત પરીક્ષામાં ભાગ લેનારાઓ માટે બે વિભાગ નક્કી કરવામાં આવેલ છે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
બાળકો પોતાના વડીલોના મોબાઈલમાંથી SMS લખીને પરીક્ષામાં ભાગ લઈ શકે છે.
A વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
B વિભાગના સ્પર્ધકોમાંથી પ્રથમ ત્રણ સ્પર્ધકોને ઈનામ આપવામાં આવશે.
પ્રથમ ૧૫૦૦/- દ્વિતીય ૧૦૦૦/- તૃતીય ૫૦૦/-રૂપિયા

પ્રથમ ત્રણ સ્પર્ધકો સિવાય, ૩૦૦ SMS લખી નોટબુક તા. ૨૫-૧૨-૨૦૨૩ સુધીમાં સોનગઢ મોકલનાર (જેમાં ૩૦ વર્ષથી મોટા પણ ભાગ લઈ શકશે.) દરેકને રૂા. ૩૦૦/- નું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે. તથા પ્રશ્નપત્ર લખવા પરીક્ષામાં બેસનાર દરેકને રૂા. ૧૦૦/- નું વધારાનું પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૪) તદ્ઉપરાંત જે સ્પર્ધકોએ પોતાની SMS બુકને વિશેષરૂપથી સુશોભિત કરી હશે તેમને નીચે મુજબના પુરસ્કાર આપવામાં આવશે.

(A) ૧૪ વર્ષ સુધીની ઉંમરના બાળકોનો વિભાગ :
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/- રૂપિયા

(B) ૧૪ વર્ષથી ૩૦ વર્ષની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
પ્રથમ ૨૦૦૦/- દ્વિતીય ૧૫૦૦/- તૃતીય ૧૦૦૦/-રૂપિયા

(C) ૩૦ વર્ષથી ઉપરની ઉંમરવાળા મુમુક્ષુઓનો વિભાગ.
એક ઈનામ ૧૫૦૦/- રૂપિયા

(૫) ૩૦૦ SMS લખનાર સૌથી નાની ઉંમરના બાળકને તથા સૌથી મોટી ઉંમરના વડીલને ૧૦૦૦/- રૂપિયા પ્રોત્સાહન ઈનામ આપવામાં આવશે.

(૬) SMS સુવિધા WhatsAppમાં શરૂ કરાવવા માટે આપે પોતાનું

૧. નામ : ______________________ ૨. ગામનું નામ : ______________

૩. ગુજરાતી/હિંદી : ______________ ૪. મોબાઈલ નંબર : __________________ ની

વિગત Whats Appથી Mo : 9276867578 / 9372136358 ઉપર મોકલવી.

SMS સંબંધી માર્ગદર્શન માટે મોબાઈલ નં. 9276867578 પર ફોન કરવો અથવા contact@kanjiswami.org પર ઈ મેઈલ કરવા વિનંતી.

## બાવીસમી બાલસંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિર સાનંદ સંપન્ન

પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સુવર્ણપુરી (સોનગઢ)માં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ પ્રેરિત તથા શ્રી કહાન પુષ્પ પરિવાર આયોજિત બાવીસમી બાલ સંસ્કાર અધ્યાત્મજ્ઞાન શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. તા. ૨૫-૧૨-૨૦૨૨ના રોજ શિબિરનો પ્રારંભ શિબિરાર્થી તથા મહેમાનોની ઉપસ્થિતિમાં મંગલ દીપ પ્રગટાવી કરવામાં આવ્યો હતો. બાળકો માટે દરરોજ સવારે સુવર્ણપુરીના વિભિન્ન મંદિરોમાં જિનેન્દ્ર અભિષેક, પૂજાનો કાર્યક્રમ રાખવામાં આવેલ તથા શિબિરમાં પૂજ્ય ગુરુદેવશ્રીના શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક તથા બહેનશ્રીનાં વચનામૃત ઉપર સીડી પ્રવચનો ચાલતા હતા. શિબિરમાં બાળકો તેમજ વડીલો માટે શ્રી મોક્ષમાર્ગ પ્રકાશક આધારિત વિષયો તથા પૂજ્ય બહેનશ્રીનો જ્ઞાનવૈભવ તેમજ સાધના અને વાણી પર વિદ્વાનો દ્વારા છ ક્લાસ ચાલતા હતા.

રાત્રિના સાંસ્કૃતિક કાર્યક્રમોમાં તાડપત્રો વિષે જાણકારી, બાળકોની ધાર્મિક ક્વીઝ તથા ધાર્મિક અંતાક્ષરી આગામી પ્રતિષ્ઠા તથા જંબૂદ્વીપ વિષેની માહિતીનું, પ્રભાતફેરીનું, જંબૂદ્વીપમાં બિરાજમાન ૧૩૦ જિનેન્દ્ર ભગવંતોના દર્શન આદિ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરમાં ૩૦૦ બાળકો તથા અન્ય ૬૦૦ મુમુક્ષુઓએ લાભ લીધો હતો. તા. ૨૫-૧૨-૨૨ થી તા. ૨૮-૧૨-૨૨ ચાર દિવસની શિબિર પૂર્ણ કર્યા બાદ બે દિવસ તીર્થયાત્રાનું—તેમાં પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા સ્થાપિત મંદિરોમાં ગોંડલ, જેતપુર અને રાજકોટના જિનમંદિરોના દર્શન તથા પવિત્ર ગિરનારજીની યાત્રા રોપવે દ્વારા કરવામાં આવી હતી.

આ શિબિરનું રજીસ્ટ્રેશન **songadh bal shibir app** દ્વારા કરવામાં આવેલ. શિબિર પ્રસંગે શ્રી કહાન પુષ્પ પરિવાર દ્વારા ગુરુદેવશ્રીની પાઠશાળા બતાવતું એક લોગોનું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું. તથા આગામી પ્રતિષ્ઠાની ખુશાલીમાં એક સાંજી ભક્તિનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો.

આયોજકો તથા શ્રી કહાન પુષ્પ પરિવારના કાર્યકર્તાઓ દ્વારા શિબિરાર્થીઓ માટે આવવા-જવાની, આવાસની, ભોજનની તથા યાત્રાની સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ શિબિરના સૌજન્યનો લાભ શ્રી ગ્રાન્ડ રેપીડ મુમુક્ષુ મંડળ, હ. રાજુલ શાહ, ફ્લોરીડા **USA** ને મળ્યો હતો. તથા સહ સૌજન્યનો લાભ (૧) એક મુમુક્ષુભાઈ (૨) પ્રેરક ગુરુકુલમ (**H.M. Class Malad**) (૩) ડૉ. શારદાબેન નિરંજભાઈ જોબાલિયાને મળેલ હતો.

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ) (વિચિત્ર હોનહાર)

જે જ્યાં ઊભો હતો ત્યાં ઊભો ઊભો જ મરવા લાગ્યો... જે બેઠો હતો તે બેઠા-બેઠા જ મૃત્યુને પામ્યો. સૂવાવાળો સૂતા સૂતા મરી ગયો આ પ્રમાણે આ ભયંકર મરકી રોગથી આખા નગરમાં હાહાકાર મચી ગયો અને દેવકૃત ઉપસર્ગ સમજીને શત્રુઘ્ન પણ અયોધ્યા પાછા આવી ગયા. (ક્રમશઃ) ❊

# (૧૧૪)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ પ્રશ્નોના જવાબ જૈન સિદ્ધાંત પ્રશ્નોત્તર માળા ભાગ-૧-૨ના પ્રકરણ ત્રીજામાંથી મળશે.

(૧) પ્રમાદના ..................... ભેદ છે.

(૨) મિથ્યાત્વ તથા ક્રોધ, માન, માયા, લોભરૂપ આત્માની ............. ને કષાય કહે છે.

(૩) શબ્દ તે .................. દ્રવ્યનો ................ પર્યાય છે.

(૪) પાંચ શરીરના નામો (૧) .................. (૨) ................ (૩) .............. (૪) .................. (૫) ................. છે.

(૫) અનેક વસ્તુઓમાં એકપણાનું જ્ઞાન કરાવાવાળા સંબંધ વિશેષને ............. કહે છે.

(૬) સ્કંધના ................ ભેદ છે.

(૭) મનુષ્ય તથા તિર્યંચના સ્થૂલ શરીરને .............. શરીર કહે છે.

(૮) જે ગુણના કારણે આત્મામાં સમ્યક્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ કરવાની યોગ્યતા રહે તે ગુણને ............... ગુણ કહે છે.

(૯) અર્થ પર્યાયના ............... ભેદ છે (૧) ................ અને (૨) ..............

(૧૦) મતિજ્ઞાનનાં ક્રમે (૧) .............. (૨) ................ (૩) ............... અને ................ ચાર ભેદ હોય છે.

(૧૧) ઘડિયાલના લોલકનું ચાલવું તે પુદ્ગલદ્રવ્યની ક્રિયાવતી શક્તિના કારણે થતો ગમનરૂપ ............. પર્યાય છે.

(૧૨) ધર્મ, અધર્મ, આકાશ અને કાળ દ્રવ્યોને ફક્ત (૧) ................ અને (૨) .............. પર્યાય હોય છે.

(૧૩) અભવ્ય જીવનો સંસારી પર્યાય ............... છે.

(૧૪) જે જ્ઞાનથી જાણેલા પદાર્થમાં કાળાન્તરમાં સંશય અને વિસ્મરણ ન થાય તેને ................ કહે છે.

(૧૫) વિગ્રહગતિમાં ............. અને ............. શરીરનો સંયોગ હોય છે.

(૧૬) પ્રદેશત્વ ગુણ સિવાયનાં બાકીના સંપૂર્ણ ગુણોના વિશેષ કાર્યને ................ પર્યાય કહે છે.

(૧૭) દેવ અને નારકીઓને (૧) ......... (૨) .......... (૩) ............ શરીર હોય છે.

(૧૮) ચારિત્રગુણની શુદ્ધ પર્યાય (૧) .............. ચારિત્ર (૨) ............ ચારિત્ર (૩) ............ ચારિત્ર (૪) ............ ચારિત્ર છે.

(૧૯) જ્ઞાનાવરણાદિ આઠ કર્મોના સમૂહને ................ શરીર કહે છે.

(૨૦) સમ્યક્દષ્ટિને મોક્ષમાર્ગ .................. કાળ હોય છે.

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્નો જાન્યુઆરી-૨૦૨૩ના ઉત્તરો

| | | |
|---|---|---|
| (૧) જીવ અને પુદ્ગલ | (૬) અચક્ષુ | (૧૪) અગુરુલઘુત્વ |
| (૨) વીર્ય | (૭) પ્રતિજીવી | (૧૫) પ્રદેશત્વ |
| (૩) અવધિ | (૮) સામાન્ય | (૧૬) અવધિ |
| (૪) જીવ | (૯) પ્રમેયત્વ | (૧૭) દ્રવ્યપ્રાણ-ભાવપ્રાણ |
| (૫) દર્શન ચેતના (દર્શનોપયોગ) જ્ઞાનચેતના (જ્ઞાનોપયોગ) | (૧૦) અગુરુલઘુ | (૧૮) અસ્તિત્વ |
| | (૧૧) વસ્તુત્વ | (૧૯) સામાન્ય–વિશેષ |
| | (૧૨) જડત્વ | (૨૦) કેવળ |
| | (૧૩) વિશેષ | |

## વૈરાગ્ય સમાચાર :–

* બોટાદ-સોનગઢ નિવાસી (હાલ મુંબઈ) શ્રી વાડીભાઈ મનસુખલાલ કામદાર (ઉ.વ. ૯૯)નું તા. ૨૧-૧૨-૨૦૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.
* બોરીવલી નિવાસી શ્રી શૈલેષભાઈ અમીભાઈ દેસાઈ (ઉ.વ. ૬૮)નું તા. ૨૯-૧૨-૨૨ના રોજ દેહ પરિવર્તન થયેલ છે.

સ્વર્ગસ્થ આત્માઓ પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## બાળકો માટેના આપેલ પ્રશ્ન જાન્યુઆરી – ૨૦૨૩ના ઉત્તર

| | | |
|---|---|---|
| (૧) સુખ | (૮) મોક્ષ | (૧૫) ઉમાસ્વામી |
| (૨) ધર્મી | (૯) નિશ્ચય | (૧૬) ૧૧ |
| (૩) પહાડ | (૧૦) સમયસાર | (૧૭) અંતર |
| (૪) અનંત | (૧૧) બાહ્ય | (૧૮) ૪૧ |
| (૫) ગ્રાહક | (૧૨) ઉપયોગ | (૧૯) અરિહંત – સિદ્ધ |
| (૬) મોક્ષ | (૧૩) નિશ્ચય | (૨૦) આચાર્ય, ઉપાધ્યાય સાધુ |
| (૭) નિશ્ચય | (૧૪) સમ્યક્દર્શન | |

## (૧૧૪)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

(નીચેના પ્રશ્નોનાં ઉત્તરો છઢાળાની ત્રીજી ઢાળમાંથી મળશે.)

(૧) ૐ માં ............... ................. અને ................... ના ભાવ સમાયેલા છે.

(૨) સિદ્ધ ભગવંતો અને નિગોદિયા જીવો એક જગ્યામાં ............... છે.

(૩) સિદ્ધ કરતા નિગોદના જીવો .............. ગુણા છે.

(૪) ચાર ગતિમાં સૌથી થોડા જીવો ............... ગતિમાં હોય છે.

(૫) મનુષ્યના જ ભવ ઉપરાઉપરી ................. થઈ શકે છે.

(૬) પોતાના સવળા ભાવથી જીવ .............. અને અવળાભાવથી ............. થાય છે.

(૭) જીવને દુઃખ ................... નું છે.

(૮) આત્મા પોતાના ................ થી જ સુખી છે.

(૯) જીવ જાગે તો ..................... માં કેવળજ્ઞાન લઈ શકે છે.

(૧૦) દેહ છૂટતા મરણની બીક .............. ને હોય છે.

(૧૧) ............ ની જમીનનો સ્પર્શ હજારો ................ ના ડંખ જેવો હોય છે.

(૧૨) જીવોને સ્વર્ગ અને નરક ............ અને ............ ફળ ભોગવવાના સ્થાન છે.

(૧૩) સિદ્ધપદના સુખમાં જીવ .............. કાળ રહે છે.

(૧૪) નરકનું આયુ .............. ને જ બંધાય, સમ્યક્દૃષ્ટિને ................ બંધાય.

(૧૫) નરકના જીવો .................. સંજ્ઞી હોય છે.

(૧૬) જીવને જેટલી .............. તેટલું સુખ અને જેટલો ............. તેટલું ............ છે.

(૧૭) નરકમાંથી જીવ નીકળી ............... થાય કાં તો ........... થાય.

(૧૮) મોંઘું મનુષ્યપણું પામી .................. પ્રગટ કરવું અપૂર્વ છે.

(૧૯) ચંદ્ર અને સૂર્ય દેખાય છે તે .............. દેવોના વિમાનો છે.

(૨૦) સ્વર્ગ અને નરકમાં ................ જીવો સુખી હોય છે.

**શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)**
**સમ્યક્ ભાવના સહ અધ્યાત્મ અતિશયતીર્થ**
**સુવર્ણપુરીમાં સાનંદ ઊજવે છે**

*ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો*

# સમ્યક્ત્વજયંતી-મહોત્સવ

ભવાંતકારી તેમજ સ્વાનુભવમુદ્રિત કલ્યાણમૂર્તિ સમ્યગ્દર્શનનો અનુપમ માર્ગ બતાવી જેમણે આપણા ઉપર અનંત ઉપકાર કર્યો છે એવા આપણા પરમ તારણહાર પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો ''ભાવી તીર્થંકરદ્રવ્યરૂપ'' સાતિશય મહિમા પ્રકાશિત કરવાવાળાં ઉપકારમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનો ૯૧મો વાર્ષિક મંગલ 'સમ્યક્ત્વજયંતી' મહોત્સવ તા. ૧૩-૩-૨૦૨૩, સોમવારથી તા. ૧૭-૩-૨૦૨૩, શુક્રવાર (ફાગણ વદ-૧૦) સુધી શ્રી રત્નત્રય વિધાન-પૂજા, પરમકૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીનાં સમ્યક્ત્વમહિમા ભરપૂર અધ્યાત્મિક સીડી પ્રવચનો, દેવ-ગુરુ-ભક્તિ, યાત્રાની વિડિયો દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીના પાવન દર્શન, પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભરી વિડિયો ધર્મચર્ચા, ધાર્મિક શિક્ષણ વર્ગ, વિશેષ ભક્તિ, સાંસ્કૃતિક કાર્યક્રમો વગેરે અનેકવિધ રોચક કાર્યક્રમ સહ શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ) દ્વારા આનંદોલ્લાસ સહ સોનગઢમાં ઊજવવામાં આવશે. સમ્યગ્દર્શનની મહિમાના આ સ્વર્ણિમ શુભ અવસર પર સમસ્ત મુમુક્ષુ સમાજને સોનગઢ પધારવાનું અમારું ભાવભીનું નિમંત્રણ છે.

- નિમંત્રણ પત્રિકા—લેખનવિધિ તા. ૫-૨-૨૦૨૩, રવિવારના રોજ સોનગઢમાં રાખવામાં આવેલ છે.
- નિમંત્રણ પત્રિકા—લેખનવિધિ તા. ૧૨-૨-૨૦૨૩ રવિવારના રોજ દાદરમાં રાખવામાં આવેલ છે.

નિમંત્રક
શ્રી દાદર દિગંબર જૈન મુમુક્ષુ મંડળ, (મુંબઈ)ના
જય-જિનેન્દ્ર

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

● પોતાની પર્યાય જે પરદ્રવ્યને સ્પર્શતી પણ નથી તેને તો એક બાજુ રાખો પણ જે પોતાની પર્યાયનાં અસ્તિત્વમાં છે એ શાંતિ, આનંદ આદિની પર્યાયમાંથી નવી આનંદ આદિની પર્યાય આવતી ન હોવાથી પરદ્રવ્ય કહ્યું ને ત્રિકાળી ગુણોને સ્વદ્રવ્ય કહ્યું. કેવળજ્ઞાનની પર્યાયને પણ પરદ્રવ્ય કહ્યું. તો સ્વદ્રવ્ય કોણ?—કે ત્રિકાળી ગુણસ્વભાવ તે સ્વદ્રવ્ય. અનંત ગુણસ્વભાવને સ્વદ્રવ્ય કહ્યું તો તેનો આધાર કોણ-કે ત્રિકાળી એકરૂપ કારણસમયસાર તે સ્વદ્રવ્યનો આધાર છે. ત્રિકાળી સહજજ્ઞાન સહજદર્શનાત્મક શુદ્ધ અંતઃતત્ત્વ-સ્વરૂપ સ્વદ્રવ્ય છે. તેનો આધાર કારણ સમયસાર છે. એ કારણસમયસાર ઉપાદેય છે. ૫૫૧.

● સંયોગી ચીજ વધે કે ઘટે માટે તારા ગુણમાં ફેરફાર થાય છે એમ નથી. તારો અવગુણ પણ તારામાં છે. તારી અવસ્થામાં અજ્ઞાન છે, તેથી એ અવસ્થા છોડ્યા વિના શરીરની ક્રિયાથી રાગાદિ ટળી જશે એમ નથી.૫૫૨.

● પ્રશ્ન :—આત્માના જુદા જુદા ગુણો ખ્યાલમાં આવે છે પણ અભેદ ખ્યાલમાં કેમ નથી આવતો?

ઉત્તર :—પોતે ખ્યાલમાં લેતો નથી એટલે આવતો નથી. અભેદને ખ્યાલમાં લેવો એ તો છેલ્લામાં છેલ્લી સ્થિતિ છે. નિર્વિકલ્પ થાય ત્યારે અભેદ આત્મા ખ્યાલમાં આવે છે.

પ્રશ્ન :—એ ખ્યાલમાં લેવો કઠણ પડે છે?

ઉત્તર :—ધીરે ધીરે પ્રયત્ન કરવો. મૂંઝાવા જેવું નથી. અનુભવમાં આવી શકે એવો છે માટે ધીરે ધીરે પ્રયાસ કરવો, મૂંઝાવું નહિ. થઈ શકે એવું છે. આવા કાળે આવી ઊંચી વાત સાંભળવા મળી છે એ ઓછું છે? ૫૫૩.


● પ્રશ્ન :—અંતરદૃષ્ટિ કરવાનો ઉપાય શું?

ઉત્તર :—અંતરદૃષ્ટિ કરવાનો ઉપાય સ્વ-સન્મુખ થઈને અંતરમાં દૃષ્ટિ કરવી એ જ છે. સીધો અંતરમુખ થઈને વસ્તુને પકડે એ ઉપાય છે. પછી ઢીલાને વ્યવહારથી અનેક વાતો કહેવાય. સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય એમ કથન આવે. ૫૫૪.

આત્મધર્મ
ફેબ્રુઆરી-૨૦૨૩
અંક-૬ ● વર્ષ-૧૭

Posted at Songadh PO
Publish on 1-2-2023
Posted on 1-2-2023

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-



Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org